THEOSOPHIC JYOTI (Gujarati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः | तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક આંતરદૃષ્ટિ પ્રેરતું પોષતું અને પ્રફુલ્લાવતું સામાયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshavadan M. Sheth

Year-6 | May - 2021 | No. 48

## અનુક્રમણિકા


1. 'મે'નું મહાત્મ્ય ! ....................................શ્રી હર્ષવદન શેઠ 3
2. ગિરિ–તળેટીથી .......................................શ્રી નરેશ એ. ત્રિવેદી 5
3. પ્રેમ ......................................................પ્રો. શ્રી એચ. જી. છીંકણીવાળા 11
4. જે. કૃષ્ણમૂર્તિ ...........................................શ્રી હર્ષદ દવે 12
5. શ્રદ્ધાંજલિ ............................................. 15
6. શાખા સમાચાર ....................................... 19
7. આપણો પુસ્તક પ્રેમ ................................. 20


Price : Rs. 5/- • Yearly Subscription : Rs. 50/- (In India) • Published & Printed at : Ahmedabad

આ માસિકમાં પ્રગટ થતી માત્ર અધિકૃત જાહેરાતો માટે જ ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. – તંત્રી

# થિયોસોફિકલ સોસાયટીના ત્રણ ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.

(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દ્રષ્ટિએ ઉત્તેજન આપવું.

(૩) કુદરતના નહિ સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, "હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.

### ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : **શ્રી નરેશભાઈ એ ત્રિવેદી** ઉપપ્રમુખ : **શ્રી કાન્તીલાલ પી. પટેલ**

મંત્રી : **શ્રી દર્શનભાઈ સી. મોદી** સહમંત્રી : **શ્રી વલ્લભભાઈ રાખોલીઆ**

ખજાનચી : **શ્રી રમેશચંદ્ર ડોલીઆ**

ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.

☛ બુક સ્ટોલ મેનેજર ☚

શ્રી પ્રવિણભાઈ માંડલિયા, ભાવનગર લોજ, મો. : ૯૪૨૬૧૬૪૫૫૭
"હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર - ૩૬૪ ૦૦૧.

| | |
|---|---|
| નવા સભ્ય પ્રવેશ ફી | રૂ.૧૦૦/- |
| સભ્ય ફી | રૂ.૧૫૦/- |
| દંપતિ સભ્ય ફી | રૂ.૨૨૫/- |
| ૨૫ વર્ષથી ઓછી ઉંમરના સભ્ય ફી | રૂ.૭૫/- |
| લાઈફ મેમ્બર ફી | રૂ.૩૦૦૦/- |
| ઈન્ડિયન થિયોસોફીસ્ટ | રૂ.૩૦/- |
| થિયોસોફિક જ્યોતિ | રૂ.૧૦/- |

### ફેડરેશન મંત્રીનું સરનામું

ફેડરેશન અંગેનો કોઈપણ પત્રવ્યવહાર કરવા માટે

**શ્રી દર્શનભાઈ સી. મોદી**

એ/૯૦૪, ધરતી સાકેત હાઈટ્સ, શુકન ગ્લોરી સામે,
આનંદ સફાયર પાસે, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ – ૩૮૨ ૪૮૧
મો.નં. ૯૪૨૭૩ ૧૧૯૫૪

### થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)

અંગે પત્રવ્યવહાર
શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા
એ/૩૦૧, સનાઈ રેસીડન્સી, પરશુરામ ગાર્ડન સામે,
અડાજણ, સુરત-૩૯૫૦૦૯
મો : ૯૪૨૬૩ ૬૨૨૫૩
(રહે.) ૦૨૬૧-૨૭૪૬૭૨૨

### "થિયોસોફિક જ્યોતિ"ના લવાજમના દર

| | |
|---|---|
| ભારતમાં (વાર્ષિક) | રૂ.૫૦/- |
| ભારતમાં આજીવન (મર્યાદા ૧૦ વર્ષ) | રૂ.૧૦૦૦/- |

### "થિયોસોફિક જ્યોતિ" માટે જાહેરાતના દર

(એક વખત પ્રસિદ્ધ કરવા માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૬૦૦-૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૫૦૦-૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ.૩૦૦-૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ.૫૧-૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં **'જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ'** એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફ્ટથી તંત્રીશ્રીના સરનામે મોકલવા અથવા નીચે જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવીને તંત્રીશ્રીને જાણ કરવી. જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર પણ નીચે જણાવેલ સરનામે કરવો :-

**શ્રી હર્ષવદન એમ. શેઠ**

'શ્વેત પદ્મ' ૯, અપૂર્વ બંગલોઝ,
શારદા હાઈસ્કુલ પાછળ, ભૂયંગદેવ પાસે, મેમનગર,
સોલા રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૨.
મો. – ૯૮૨૪૦૭૩૬૭૮, ૯૦૧૬૨૨૪૮૨૫
E-mail-harshavadan_sheth@yahoo.co.uk

**GTF Jyoti Prakashan Fund**
Central Bank of India
(Sardarnagar Area Branch, Bhavnagar, 01360)
A/c. No. 1871957084
IFSC : CBIN0281360

**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**

# 'મે'નું મહાત્મ્ય !

સંપાદકીય

પ્રસ્તુતિ


શ્રી હર્ષવદન શેઠ




સૌપ્રથમ તો આપણા આંતર્રાષ્ટ્રીય પ્રમુખ શ્રી ટીમ બોઈડને ફરીથી સાત વર્ષ માટે બીનહરીફ પ્રમુખ તરીકે ચૂંટાઈ આવવા બદલ અભિનંદન ! 'થિયોસોફિક જ્યોતિ'નાં માધ્યમ દ્વારા ફેડ.ના સૌ સભ્યો વતી આંતર્રાષ્ટ્રીય પ્રમુખશ્રીને ફરીવાર જવાબદારીની મળેલી તક સુવર્ણ અક્ષરોમાં અંકીત થશે તેવી શુભ ભાવના પ્રગટ કરતાં આવનારા સમયમાં વૈશ્વિક રીતે થિયોસોફિકલ સોસાયટી સર્વેને પ્રેરણા પૂરી પાડશે તેવી શુભેચ્છા !

૧લી મે, ૨૦૨૧ના રોજ ભારત સમાજ પૂજા મંદિરના ભૂમિપૂજનને ૧૦૦ વર્ષ પૂર્ણ થયાં છે. આ નિમિત્તેની ઉજવણી અડ્યાર મુકામે આવેલ ભારત સમાજ પૂજા મંદિરમાં ૧લી તારીખે સંપન્ન થઈ. ભારત સમાજ પૂજા કરાવનાર અધ્વર્યુ અને તેમાં ભાગ લેનાર સૌ સભ્યો અનોખા આધ્યાત્મિક વાતાવરણને અનુભવે છે. માનસિક શાંતિ, શારીરિક સજ્જતા અને ભ્રાતૃભાવની ઝંખના પ્રદીપ્ત થાય છે. વિશેષ રીતે પસંદ






કરાયેલાં શ્લોકો સાથેની પૂજા સરળ તેમજ અત્યંત અસરકારક હોય છે. અડધો કલાકનો સમય અનોખી પ્રતિભાવંત, પ્રાણવાન ઉર્જાનો સંચય કરે છે. ફૂલોની અર્પણ વિધિ અને પાણીનો પ્રસાદ જીવન તત્ત્વો સાથે જોડે છે. પ્રદીપ્ત થયેલાં અગ્નિમાંથી ભષ્મ ધારણ કરવાની પ્રક્રિયા શરીરમાં વિભિન્ન સ્થાને આવેલાં ચક્રોની ઉર્જાનો અનુભવ કરાવે છે. પૂજાના અંતમાં અધ્વર્યુના આશીર્વાદ સાથે પૂજાનું શક્તિરૂપી જે ફળ મળે છે તે સમગ્ર વિશ્વમાં કલ્યાણકારી બને તેવી શુભ ભાવના પ્રગટ કરવામાં આવે છે. આશા રાખીએ કે ગુજ. થિયો. ફેડ.ની તમામ લોજોમાં નવા સભ્યોને ભારત સમાજ પૂજા અંગેની જાણકારી સંપૂર્ણ રીતે પૂરી પડાય અને પૂજા કરાવનાર અધ્વર્યુ તરીકેની તાલીમ પ્રાપ્તિ થાય તેવાં કાર્યક્રમોનું આયોજન થાય તો ૧૦૦ વર્ષની ઉજવણી આપણે સાર્થક કરી શકીશું.





૮મી મે એટલે "શ્વેત પદ્માષ્ટમી". 'વ્હાઈટ લોટસ ડે'ની ઉજવણી અંગે આપણે સૌ

**જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાને અમેરિકાની કંપનીમાં જોબ મળ્યાની ખુશી નિમિત્તે**
**સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત**



સભ્યો અત્યંત પરિચિત છીએ. મેડમ બ્લેવેટ્સ્કીએ ૧૮૯૧ના મેની આઠમી તારીખે લંડનમાં પાર્થિવ દેહનો ત્યાગ કર્યો. તેમની સ્મૃતિમાં શ્વેત પદ્માષ્ટમીની આપણે ઉજવણી કરીએ છીએ. ૧૮૮૫ના જાન્યુઆરીની ૩૧મી તારીખના એમના છેલ્લા વસિયતનામામાં એમણે લખેલું છે કે દર વર્ષે એમની સંવત્સરી દિવસે એમનાં કેટલાંક મિત્રોએ ભેગા થઈને ''લાઈટ ઓફ એશિયા'', ''ભગવદ્‌ગીતા'' અને ''વોઈસ ઓફ ધ સાયલન્સ''ના પુસ્તકોમાંથી વાંચન કરવું. ફેડ.ની તમામ લોજોના સભ્યોએ 'આઠમી મે'ની ઉજવણી આ રીતે કરી જ હશે. નવા દાખલ થતાં સભ્યોને પણ 'શ્વેત પદ્માષ્ટમી'ના મહત્ત્વનો ખ્યાલ આવ્યો જ હશે. મેડમ બ્લેવેટ્સ્કીને શત શત વંદના !



મે મહિનામાં જે. કૃષ્ણમૂર્તિને અચુક યાદ કરીએ. ૧૧ મે, ૧૮૯૫માં જન્મેલાં કૃષ્ણમૂર્તિ અંગે કોઈ નવી વાત કરવાની કદાચ ન જ હોય ! પરંતુ તેમના લખાણોનો અભ્યાસ કરીએ, તેમના અંગેની વીડિયો ફિલ્મોને જોઈએ, તેમનાં પ્રવચનોનો સાર ગ્રહણ કરીએ. જે. કૃ.ની જિંદગી જ સંપૂર્ણ રીતે પ્રેરણાદાયી છે. આવી પ્રેરણા પામવા માટે આપણે સૌ સક્ષમ બનીએ તેવી શુભ ભાવના સાથે વીરમું છું !

• • •

(ગિરિ-તળેટીથી પાના-૦૮ ઉપરથી ચાલુ)
સોસાયટીનો મુખ્ય ઉદ્દેશ છે.

અહીં એક નાનકડી વાર્તા મમરાવવાની ઈચ્છા રોકી શકતો નથી. એક સુખી વિદેશી દંપત્તિ આદીવાસીઓના એક નાના ગામમાં જાય છે. ત્યાં કેટલાક બાળકો રમી રહ્યા હોય છે. આ દંપત્તિ બાળકોને બોલાવીને તેમને નવી રમત શીખવવાનું કહે છે. પછી એક વૃક્ષના થડ પાસે પીપર–ચોકલેટ તેમજ બાળકોને ભાવે તેવી મીઠાઈથી ભરેલી ટોપલી મૂકે છે અને બધા બાળકોને કહે છે કે અહીંથી સૌએ દોડીને તે મીઠાઈ ભરેલી ટોપલી પાસે જે પહેલો પહોંચે, તેને આખી ટોપલી આપીશ.

એક, બે અને ત્રણ કહેતા બાળકો દોડે છે. જે પહેલો પહોંચ્યો, તેને ટોપલીની બધી ચોકલેટ અને મીઠાઈ આપી દે છે. પછી શું થાય છે તે જોયા કરે છે. તે બાળકો તો સૌ સાથે બેસી બધી મીઠાઈના સરખા ભાગ પાડી ખાવા લાગે છે ત્યારે દંપત્તિ તેને કહે છે કે આમ શું કરે છે ? બધુંય તારે માટે જ છે. ત્યારે જવાબ મળે છે '**UBUNTU**'. અને બધાય બાળકો તાલી પાડી નાચવા લાગે છે.

ત્યારે દંપત્તિ પૂછે છે આ '**UBUNTU**' એટલે ? તો કહે છે અહીં જે કાંઈ મળે તે બધાનું જ કહેવાય. કોઈ એક ના ભોગવે. તેમાં દરેકનો સરખો ભાગ. પછી સુખ હોય કે દુઃખ બધાયનો સરખો ભાગ.

આવી ભાવના આપણા કહેવાતા શિક્ષીત અને સુધરેલા સમાજમાં વર્તનમાં આવે તો વિશ્વબંધુત્વ ક્યાંય દૂર નથી. ચાલો પ્રયત્ન કરીએ. ......અસ્તુ !

(મો. : ૯૮૭૯૦૬૫૨૦૦)

**સ્વ. પૂર્ણિમાબેન સી. સોનીના અપ્રતીમ સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી છબીલદાસ કે. સોની (સી. કે. સોની), શ્રીરામ લોજ, હિમ્મતનગર**

પ્રસ્તુતિ
શ્રી નરેશ એ. ત્રિવેદી
ગુ. થિ. ફે. પ્રમુખ

# ગિરિ-તળેટીથી

## થિયોસોફિકલ સોસાયટીનો પ્રથમ ઉદ્દેશ : ભાગ-૨

આપણે થિયોસોફિકલ સોસાયટીના પ્રથમ ઉદ્દેશની વાત કરતા હતા. આપણે જાણીએ છીએ કે જ્યારે પણ કોઈ નવી સંસ્થા ઊભી કરવામાં આવે પછી તે જ્ઞાતિ સંસ્થા હોય કે ધાર્મિક કે રાજકીય સંસ્થા હોય, તેની સ્થાપના પાછળ કોઈ ખાસ હેતુ કે ઉદ્દેશ હોય છે. એમ થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના પાછળ તેના ત્રણ ઉદ્દેશો જ પ્રેરકબળ હતા. પરંતુ તેમાં પણ તેનો પ્રથમ ઉદ્દેશ "પ્રજા, ધર્મ, જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવ જાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું" એ ખાસ મહત્ત્વ ધરાવે છે. કારણ કે વિશ્વબંધુત્વ એ કાંઈ ખાલી કલ્પના નથી; કે કોઈ દીવાસ્વપ્ન નથી; પરંતુ થિયોસોફિકલ સોસાયટીના મહાન ગુરુદેવોએ જે પરમ સત્ય જોયું અને જાણ્યું છે, તે જ આપણી સમક્ષ મૂક્યું છે. તેઓ માને છે અને જાણે છે કે સમગ્ર વિશ્વના લોકોના વિકાસ માટે તેમજ સમગ્ર માનવ જાતની સુખ શાંતિ માટે વિશ્વબંધુત્વની ભાવનાનું ખૂબ મહત્ત્વ છે.

સોસાયટીનો પહેલો ઉદ્દેશ એ જ દર્શાવે છે કે બધા મનુષ્યોની આધ્યાત્મિક અને ભૌતિક ઉત્પત્તિનું મૂળ સ્રોત એક જ છે અને આ જ થિયોસોફીનું મૂળભૂત શિક્ષણ છે. સમગ્ર જગતમાં એક જ ચૈતન્ય જુદા જુદા સ્વરૂપે પ્રગટ થયેલ છે. જગતના મહાન ધર્મોમાં પણ એક જ સર્જનહારની વાત કહેવામાં આવેલ છે. ઈસા મસીહાએ ઈશ્વરને પરમપિતા કહ્યા છે, ઈસ્લામમાં એક ખુદાને જ જગતના સર્જનહાર માનવામાં આવ્યા છે. હિન્દુ સંસ્કૃતિમાં તો માનવામાં આવે છે કે ઈશ્વરને લીલા કરવાની ઈચ્છા થઈ અને એકોહમ્ બહુશ્યામ્નો વિચાર થયો અને સમગ્ર જગત ઉત્પન્ન થયું. આમ જો દરેક ધર્મમાં એક જ સર્જનહારની વાત હોય, એકને જ આધારે સૌ રહેલ છે તેવી વાત હોય, તેમજ વિજ્ઞાન પણ જગતની ઉત્પત્તિ બાબત અને ઉત્પત્તિ માટે જે એક મૂળ કારણ છે તેની શોધ કરી રહ્યું છે. તત્વજ્ઞાનીઓ તો માને છે ભૂતમાત્રની ઉત્પત્તિનું કારણ પંચ મહાભૂત અને એમાં રહેલ ચૈતન્ય છે. આમ વિચારીએ તો દરેક ધર્મ, વિજ્ઞાન અને તત્વજ્ઞાનીઓ એક જ સર્જનહારની વાત કરતા હોય તો આપણી વચ્ચે બંધુત્વની ભાવના હોવી એ કુદરતી જ છે અને તે સહજ સ્વીકારવાની વાત છે તેમાં કોઈ કલ્પના નથી.

એક બીજી વાત ખૂબ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે આજે આપણે જે કાંઈ છીએ તે માત્ર આપણી મહેનતને કારણે નથી. આપણા બાળપણથી શરૂ કરી અત્યાર સુધી હજી પણ આપણા વિકાસમાં આપણા પોતાના પરિવાર સિવાય આડોશ–પાડોશ તેમજ સહકાર્યકરો અને સમાજના અસંખ્ય લોકોનો અમૂલ્ય ફાળો છે. આપણા ઉછેરમાં – ભણતરમાં તેમજ સામાજિક અને વ્યવહારિક જીવનમાં પણ હર ઘડી બીજા લોકોએ આપણને સહાય કરી હોય છે. તેથી સર્વનું પણ આપણા પર ઋણ હોય છે. એ યાદ રાખી સર્વ સાથે સહકાર અને સહાનુભૂતિ પૂર્વક ભાઈચારાની ભાવનાથી રહેવું તે નૈતિકતા છે. તેથી વૈશ્વિક ભ્રાતૃભાવ અને ઠાલાં શબ્દો નથી. સમગ્ર માનવજાતનો આપણા પર એક પ્રકારનો અધિકાર છે અને તે જ વૈશ્વિક નૈતિકતાઓ દઢ કરે છે. તેથી જો સ્વપ્ન કહીએ તો તે

**સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખ્તાવાલાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખ્તાવાલા, રેવા લોજ, વડોદરા**

માનવજાત માટેનું ઉમદા સ્વપ્ન છે અને સાચા સિદ્ધની તે જ અભિલાષા છે.

વૈશ્વિક ભ્રાતૃભાવ એ એવા મનનો સાક્ષાત્કાર છે કે જેમાં કોઈ પૂર્વગ્રહ નથી. કોઈ ભેદની દિવાલો નથી. તેજ પુનરૂત્થાન છે. કારણ કે આ ચેતના સામાન્ય ચેતનાથી સંપૂર્ણ રીતે અલગ પ્રકારની ચેતના છે. તેમાં ઉચ્ચ ધાર્મિક ભૂમિકા છે. આ સાચા ધર્મનું મૂળ હાર્દ અસ્તિત્વની અવિભાજ્યતાના અનુભવમાં રહેલું છે.

આ બધું ખરેખર અદ્‌ભૂત છે, કેમ કે આપણે ન માની શકીએ એવી વિવિધતા વચ્ચે છીએ અને ઉત્ક્રાંતિની પ્રક્રિયાઓ અસમાનતાઓ સૂચિત કરે છે. કુદરતની આ સંપૂર્ણ હકીકત છે. જ્યારે આપણે બે વસ્તુને સમાન ધારીએ છીએ તેનું કારણ સરખાપણું છે, નહિ કે સામ્યતા છે. ઝાડનું એક પાંદડુ બીજાં પાંદડા જેવું હુબહુ નથી. એક જ વૃક્ષના કોઈ બે પર્ણ બધી રીતે એક સરખા હોતા નથી. ભલે દૂરથી સમાન લાગે પણ તેમાં કોઈ નાના તો કોઈ મોટા, કોઈ ઘેરા તો કોઈ આછા રંગના હોય છે. તેવી જ રીતે એક જ વૃક્ષ પર થયેલા ફળો પણ નાના કે મોટા હોય છે તેમજ સ્વાદમાં પણ દરેકમાં ફેર હોય છે. એક જ યજ્ઞકુંડમાંથી ઉડતા તણખા સૌએ જોયા હશે. કોઈ ઓછું તેજસ્વી તો કોઈ વધુ, કોઈ નાનો તો કોઈ મોટો તણખો, કોઈ ઓછો દાહક તો કોઈ વધુ દાહક પણ અંતે તો બધા એક જ અગ્નિના તણખા હોય છે. એક જ પરિવારના સંતાનો પણ રૂપ, રંગ કે સ્વભાવમાં એક સરખા નથી હોતા. તેમના બૌધિક વિકાસમાં પણ ફેરફાર હોય છે. તેથી એક વાત ખાસ સમજવાની જરૂર છે કે દરેક માનવી નાની કે મોટી, ઓછી–વત્તી, ઝાંખી કે ઉજળી ચેતનાની જ્યોત લઈને જન્મે છે. એ જ્યોતને પ્રબળ કરવી કે નિસ્તેજ કરવી એ એના પોતાના હાથની વાત છે. આ બધુ ખૂબ અદ્‌ભૂત છે. આપણે માની ન શકીએ એવી વિવિધતા વચ્ચે આપણે છીએ. કુદરતમાં અસમાનતા અને વિવિધતા બંને છે. વિકાસના પગથિયા પર જુદા જુદા સ્તરો પર રહેલા દરેક જીવ એકબીજાથી અલગ છે પણ આખરે સર્જનહાર એક જ છે. એક જ મહત્ તત્ત્વનું એકમ છે. આ બધાની પાછળ એક જ હસ્તી છે. એક જ તત્ત્વ રહેલું છે. એ એકજ ચેતનાનાં મહાસાગરના આપણે સૌ બુંદ છીએ. એ પછી અગાધ સાગરના તળિયામાં રહેલું બુંદ હોય કે પછી સપાટી ઉપર તરતું બુંદ હોય. તેથી એ જાણવાની અને સમજવાની ખાસ જરૂર છે કે આપણે સૌ એક જ સર્જનહાર, એક જ પિતાના સંતાન છીએ. તેથી બંધુત્વભાવ હોવો એ કુદરતી અને સ્વાભાવિક છે. તેમાં કોઈ કલ્પના નથી.

રાજાજી એક વાત કહેતા કે શરીરના દરેક અંગો જુદા જુદા આકાર અને ગુણ ધરાવે છે. તેથી તેમના કાર્યો પણ જુદા જુદા જ રહેલ છે. હાથ, પગ, આંખ, કાન અને નાક જેવી ઇન્દ્રિયો દરેકનું કાર્ય જુદું જુદું છે અને પોતાનું જ કાર્ય સંભાળે છે. બીજાનું કાર્ય કરી શકતા નથી, તેમ છતાં દરેક અંગો સમગ્ર શરીરને ઉપયોગી હોય તેમ સંવાદિતાથી કાર્ય કરે છે. તેવી જ રીતે શ્વસનતંત્ર, પાચનતંત્ર કે હૃદય, કિડની વિગેરેનાં પણ કાર્ય જુદા જુદા હોવા છતાં સંપૂર્ણ સંવાદિતાથી એકબીજાના પૂરક બની સમગ્ર રીતે શરીરને સ્વસ્થ રાખવા કાર્ય કરે છે. તેવી જ રીતે જો વિશ્વમાં રહેલી સમગ્ર માનવો ભલે અલગ અલગ પ્રદેશમાં રહેતાં હોય, ધર્મ, ભાષા, માન્યતા કે રહેણી–કરણી પણ અલગ–અલગ હોય પણ અંતે સર્વમાં એક જ ચેતના વહી રહી છે. એક જ જીવન પ્રવાહ વહી રહ્યો છે તેથી આપસના નાના મોટા ભેદભાવો ભૂલી બંધુત્વની ભાવના સબળ બનાવી એ કુદરતનો સંકેત છે. વૈશ્વિક ભ્રાતૃભાવ એટલે એવા પ્રકારનો મનનો ઉદય કે જેનામાં કોઈપણ જાતના પૂર્વગ્રહો ન હોય, તેમાં કોઈપણ પ્રકારની વાડાબંધી ન હોય, જે સંપૂર્ણ મુક્ત મન ધરાવતો હોય. સમગ્ર

**સૌજન્ય : શ્રીમતી સુશિલાબેન હરિવદન છીંકણીવાળા તથા પ્રો. શ્રી હરિવદન છીંકણીવાળા**

વિશ્વમાં રહેલા સંસ્થાના સભ્યોએ આ ઉદ્દેશોને માનવજાતના ઉદ્ધાર માટે કઈ રીતે ઉપયોગ થઈ શકે તે બાબત ગંભીરતાથી વિચારવાની છે.

એ. પી. સીનેટ પરના પત્રમાં મહાત્મા એમ. આ પ્રમાણે જણાવે છે કે માનવજાતિ પ્રત્યે જેના હૃદયમાં પ્રેમ કેન્દ્ર સ્થાને છે અને જે વ્યવહારિક બંધુત્વની ભાવનાને પુર્નજીવિત કરવાના વિચારને સમગ્રતયા સમજી શકે તેને જ અમારા રહસ્ય જાણવાનો અધિકાર છે. જે વ્યક્તિ માનવતાના કલ્યાણને બદલે સ્વકલ્યાણ ઈચ્છે છે તે અમારો ચેલો બનવાને લાયક નથી. તેથી પણ થિ. સો.ના સભ્ય તરીકે આપણે પ્રથમ ઉદ્દેશને આત્મસાત્ કરવા, એ મુજબ આચરણ કરવા પ્રયત્ન કરવો જરૂરી છે.

બંધુત્વનો સાક્ષાત્કાર એ એક અદ્‌ભૂત વસ્તુની જાગૃતિ છે અને જ્યારે નિમ્નસ્તરે વિચારીએ છીએ ત્યારે તે વિરોધાભાસી લાગે છે. છતાં પણ આ બંધુત્વના સાક્ષાત્કારમાં સત્ય છે, ગૂઢ તત્ત્વ રહેલું છે. એ કોઈ સામાન્ય અનુભવ નથી. જો આપણે આપણી સ્વાર્થી અને મોહાંધ માન્યતાઓથી ઉપર ઊઠી આપણા અંતરમાં ડોકીયું કરીશું તો વૈશ્વિક બંધુત્વનો થિ. સો.નો પ્રથમ ઉદ્દેશ એ એક પરમ સત્ય લાગશે. જેમ કોઈ મોટું ગાઢ જંગલ હોય, એમાં અનેક જાતના જુદા જુદા વૃક્ષો હોય છે. જો આપણે તે નજીકથી જોઈએ તો બધા જુદા જુદા વૃક્ષો અલગ અલગ નામથી ઓળખીશું પણ જો પ્લેનમાં બેસી ઉપરથી જોઈએ કે પાસે રહેલા પર્વતની ટોચ પરથી જોઈએ તો તેમાં કાંઈ જુદું નહિ દેખાય. એક સુંદર મજાનું વૃક્ષોથી શોભતું વન દેખાશે. કોઈ વૃક્ષો અલગ અલગ જાતના કે અલગ રહેલા નહિ લાગે, પરંતુ એક લીલી ચાદર બિછાવી હોય તેવું લાગશે. એ જોઈને આપણું મન પણ શાંતિ અને આનંદ અનુભવશે. તેવી જ રીતે સમગ્ર માનવ જગતમાં રહેલ પ્રદેશ, ધર્મ, જ્ઞાતિ, જાતિ કે ગરીબ–તવંગર, ઉચ્ચ–નીચ કે બીજા કોઈ પણ ભેદભાવો ભૂલી માત્ર માનવને માનવ તરીકે જોવાની દૃષ્ટિ રાખીશું તો સહેજે સરળતાથી આપણામાં બંધુત્વનો ભાવ જાગશે અને વિકાસ પામશે. જે ધીરે ધીરે આગળ વધતા સમગ્ર વિશ્વમાં એક વિશાળ પરિવારની ભાવના જગાવશે એટલે કે વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના પ્રબળ થશે જે આપણો પ્રથમ ઉદ્દેશ છે અને એ રીતે થિ. સો. માનવજાતના બંધુત્વનું નિમિત્ત બની શકે. કેન્દ્ર બની શકે. એજ આપણો હેતુ છે.

બીજા વિશ્વયુદ્ધ પછી સંયુક્ત રાષ્ટ્રસંઘ જેવી સંસ્થા અસ્તિત્વમાં આવી, જેના મૂળમાં પણ બંધુત્વના ભાવની જરૂરિયાત છે. બીજી પણ ઘણી સંસ્થાઓને આ વાત હવે સમજાતી જાય છે. તેમ છતાં જો શાંતિથી વિચારીશું તો ખ્યાલ આવશે કે વિશ્વબંધુત્વની ભાવના હજી બિલકુલ વિકસી નથી અને આપણે આ બાબત ક્યાંય સક્રિયરૂપે જોઈ શકતા નથી. પણ યાદ રાખીએ કે વિશ્વબંધુત્વ એ કુદરતના બીજા નિયમોની જેમ કુદરતી છે. માટે જ્યાં સુધી આપણે આ સમજીએ નહિ કે આ ઉદ્દેશ ઊંડે ઊંડે માનવશાસ્ત્રીય પરિવર્તન સૂચવે છે, ત્યાં સુધી આપણે આ સોસાયટીનું કાર્ય પૂરું કરવા જરૂરી શક્તિ ઊભી કરી શકવાના નથી. જ્યારે આપણે સારી રીતે વિચારીએ છીએ ત્યારે આપણને એ અનુભવ કરતાં મુશ્કેલી પડતી નથી કે કોઈપણ પ્રકારના ભેદભાવ વિનાનું વિશ્વબંધુત્વ એ ચેતનાની ક્રાંતિ છે અને એ એક એવી વસ્તુ છે કે જે માનવજાતમાં આમૂલ પરિવર્તન લાવશે. તેથી જ્યારે વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના જગતમાં સર્વત્ર ફેલાઈ જશે, સૌના હૃદયમાં ભાતૃભાવનો ભાવ હશે ત્યારે વિશ્વ ઈશ્વરને વસવા લાયક સુંદર ઘર

**ૐ નિવા ઇચ્છા અંબુ શ્રીમતિ સુલોચનાબેન ગોવિંદભાઈ અં. મોદીના ૐ શ્રી રાધેકૃષ્ણ એકૈશ**
**સૌજન્ય : જયેશ, રૂપલ, કિશન, શ્રેયા, યશ (U.S.A.), મનીષ, નૈના, સૃષ્ટિ, અનુશ્રી શાહ પરિવાર, અમદાવાદ લોજ**

બનશે અને આપણે તેના નિમિત્ત બનીએ તેવા પ્રયત્નો આપણા વિચાર અને આચરણથી કરીએ.

થિ. સો.ના આ પહેલા ઉદ્દેશની આજના જગતમાં આટલી કેમ જરૂરિયાત છે ? તેના જવાબમાં આપણા પૂર્વ આં. રા. પ્રમુખ રાધાજી કહેતા "આજનું જગત એ જબરદસ્ત રાજકીય, આર્થિક અને સામાજિક અસલામતિ ભર્યું છે. તેના ઘણા કારણો છે. વધતી જતી વસ્તી અને સાધનોની અછત, તેમજ વિચારોની અસહિષ્ણુતા વધતા જતાં દબાણો તરફ દોરી જાય છે. લોકો વધુને વધુ વસ્તુઓ માંગે છે અને તે જ્યારે જુએ છે કે સાધનો ઘટતા જાય છે ત્યારે તેઓ અસલામતી અનુભવે છે. અસલામતીનો ભાવ ઉપજાવે છે. અને તે ચળવળોમાં, હડતાલોમાં, પોતાના હિતનું રક્ષણ કરવા રચાતા લોકોના મંડળોમાં દરેક સ્થળે જોઈ શકાય છે. લોકો પોતાના ભય અને અસલામતિ પર વિજય મેળવવા મંડળો રચતાં જાય છે અને પછી એ અને જગત વધુ ને વધુ વિભાજિત થતું જાય છે ત્યારે વિશ્વમાં ભાતૃભાવ જાગૃત કરી સૌને એક તાંતણે બાંધવા વિશ્વબંધુત્વ અને થિ. સો.નો જે પહેલો ઉદ્દેશ છે તે માત્ર જરૂરી નહીં પણ અનિવાર્ય લાગે છે તેના સિવાય બીજો કોઈ માર્ગ નથી.

થિ.સો.ના પ્રથમ ઉદ્દેશને ધ્યાને રાખી વસુધૈવ કુટુમ્બકમ્‌ની વાત કરવી કે વિશ્વબંધુત્વની વાત કરવી, પ્રચાર કરવો, લેખ લખવા યા પ્રવચનો કરવાથી આ ઉદ્દેશ બર આવવાનો નથી. ઉદ્દેશ સિદ્ધ થતો નથી. આ તો દરેક તેના જીવનમાં આચરણ દ્વારા જીવન સાથે વણી લેવાનો છે. આપણા પૂર્વ આં. રા. પ્રમુખ તેમના 'માનવ પુનરૂત્થાન' નામના ગ્રંથમાં જણાવે છે કે ફક્ત જ્ઞાનથી માનવો સુખી થયાનું જાણ્યું નથી. તેનાથી તેઓને શાંતિ મળી હોય એવું જાણ્યું નથી. તેનાથી વધારે પ્રેમાળ બન્યા છે એવું પણ જણાયું નથી; તો પછી આપણે જેને થિયોસોફિકલ જ્ઞાન કહીએ છીએ એવું જ્ઞાન મેળવવાનું નકામું છે. થિયોસોફીને આપણે ફક્ત સિદ્ધાંતમાં પરિવર્તિત કરવાની નથી. તેને અમુક નક્કી કરેલા વિચારોનો સમુહ બનાવી દેવાની નથી. આપણે તો તેને જે આપણું પરિવર્તન કરે એવું સત્ય, આપણને પ્રેમાળ બનાવે તેવું સત્ય, આપણને બીજા તરફ સદ્‌ભાવવાળા બનાવે તેવું સત્ય, આપણને સંબંધોમાં વધારે કોમળ બનાવે એવું સત્ય બતાવે એવી થિયોસોફીને બનાવવાની છે. બાકી કમે તેટલું જ્ઞાન હોય પણ જો તે મુજબ આચરણ ન હોય, તે મુજબ જીવન જીવાતું ન હોય તો તે જ્ઞાન ભારરૂપ બને છે. માટે સાચી વાત એ છે કે થિ. સો.ના પ્રથમ ઉદ્દેશનો જીવનમાં અમલ કરવા જાગૃત રહી પ્રયત્ન કરવો ખૂબ જરૂરી છે.

પણ આ થઈ કઈ રીતે શકે ?

તો જવાબ છે તેનો અમલ આપણે બે રીતે કરી શકીએ.

(૧) થિ.સો.ના સભ્યો પરસ્પર સંબંધમાં પોતાના વલણમાં બદલાવ લાવીને પોતાના સંબંધ વધુ પ્રેમાળ અને સહકારભર્યા બનાવીને કરી શકે.

(૨) થિ.સો.ના સભ્યો તેમની આસપાસ રહેતા લોકો સાથે તેમજ તેમના પરિચયમાં આવતા અને જેમની સાથે તેમને કોઈ જાતનું કામ પડે તેવા સર્વની સાથેનું તેમનું વલણ ભ્રાતૃભાવવાળું પ્રેમાળ રાખી બન્ધુત્વની ભાવનાને આચરણમાં મૂકીને થઈ શકે. પરંતુ એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે માત્ર વિચારોથી વલણ બદલાતું નથી. અરસ–પરસનો સંબંધ વ્યવહાર વડે બદલાય છે, ત્યારે વલણનું પરિવર્તન થયું કહેવાય. માત્ર વિચારના સ્તરે નહિ પણ વાણી–વર્તનથી સંબંધના સ્તર સુધી પરિવર્તન પહોંચે ત્યારે જ આંતરિક બદલાવ આવે અને સાચી રીતે એકત્વની – બંધુત્વની ભાવનાથી સૌ અરસ–પરસ જોડાય. જે આપણી

*(અનુસંધાન પાન-૦૪ ઉપર)*

**સ્વ. હર્ષવીણાબેન હસમુખભાઈ પંડ્યાના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી હસમુખભાઈ જે. પંડ્યા, અમદાવાદ લોજ**

*પ્રસ્તુતિ*
પ્રો. શ્રી એચ. જી. છીંકણીવાળા
*અમદાવાદ લૉજ*

# પ્રેમ

પ્રેમ એટલે શું ? કોઈ શાબ્દિક વ્યાખ્યાઓથી કશોય અર્થ સરશે નહીં. પ્રેમ એટલે એકાત્મતાની અનુભૂતિ... અંતરાત્માનું જોડાણ... પરમતત્ત્વ સાથે સંપૂર્ણ સહયોગ... પ્રેમ એટલે 'સ્વ'નો વિલય, ત્યાગ, બલિદાન, સમર્પણ...! પ્રેમ એટલે દ્વૈતનું અદ્વૈતઃ ''તું જ મારૂં સર્વસ્વ છું.'' જો તું નથી તો હું નથી. જ્યાં તું અને હું કશું જ રહેતું નથી. ધર્મજ્ઞાનમાં પ્રેમ જ પ્રભુ છે, અને પ્રભુ પૂર્ણ પ્રેમ જ છે. પ્રભુના અન્ય કોઈ નામની જરૂર જ રહેતી નથી, પ્રભુ એટલે પ્રેમ. સૃષ્ટિના સર્જનના મૂળમાં છે પ્રેમ ! સમગ્ર સૃષ્ટિ એ માત્ર પ્રભુના પ્રેમનું જ સ્વરૂપ ! જગતના અણુ અણુમાં છે પ્રેમનો વાસ. પ્રેમરૂપે પ્રભુનો વાસ. સૌનો આત્મા છે પ્રેમ. પ્રેમ વિનાનું અસ્તિત્વ જ શક્ય નથી. જગત સર્વ છે માત્ર પ્રેમ.

**પ્રેમ જ પરમ ધર્મ છે**

લયલા–મજનુનો પ્રેમ : નિશાળમાં મજનુને સોટીનો માર પડે, તો ઘેર લૈલાની પીઠમાં સોળ ઊઠે. શેણી–વિજાનંદનો પ્રેમ. હિમાલયમાં હાડ ગાળ્યાં. અનંતમાં ભળી ગયાં. રોમિયો–જુલિયટનો પ્રેમ – બે અલગાવેરી કુટુંબમાં જન્મ – છૂપી મુલાકાતો – પ્રારબ્ધ વિપરીત – દેશકાળની સજા – એક જ સ્થળે ટૂંક સમયગાળામાં બંનેના મૃત્યુ, બંને દ્વારા અજાણતાં થતી આત્મહત્યા ! સોની–મહિવાલનો પ્રેમ – જગત વેરી – વહેતી નદીમાં મિલન એજ મૃત્યુ. બૈજુ–બાવરાનો પ્રેમ, સંગીત જેનો પ્રાણ, ઈશ્વર પણ જેના સંગીતની અસરનો સ્વીકાર કરે – પ્રેમથી પ્રભુ પણ વશ થાય. ગુરૂની કૃપા – એજ ઈશ્વરના આશીર્વાદ. પરમેશ્વરનો પ્રેમ ! પાકીઝાનો પ્રેમ – ''આપના ચરણ નીચાં ના રાખશો. મેલા થઈ જશે.'' પ્રેમીનો પ્રેમ ! **"I hate tears !"** અમર પ્રેમનો પ્રેમ ! કૃપણ સંસારીઓ શું સમજે આવા અદ્વિતીય પ્રેમને ? **"Love means never having to say I am sorry."** જ્યાં ક્યારેય દિલગીરી વ્યક્ત ના કરવી પડે, માફી ના માગવી પડે, ત્યાં પ્રેમ – પરમેશ્વરનેય કહેવું પડે કે તું માનવજાતને પ્રેમથી રમાડે છે, પણ જ્યારે દુઃખી કરે છે ત્યારે તારો પ્રેમ સમજાતો નથી. ભગવાન બુદ્ધની અપાર કરૂણાનો પ્રેમ ! જિસસ ક્રાઈસ્ટ વધસ્થંભેથી પ્રભુને પ્રાર્થના કરે, **"Father, forgive them for they know not what they do !"** હે પરમ પિતા આ અજ્ઞાનીઓને માફ કરો, જે જાણતાં નથી કે તેઓ શું કરે છે !'' પ્રેમની અભિવ્યક્તિને ક્યારેય શબ્દોની જરૂર રહેતી નથી, શબ્દોના અર્થ તો ઘણીવાર બદલાય છે, તેમનો પ્રભાવ સીમિત રહે છે.

''તું પ્યાર કા સાગર હૈ, તેરી એક બુંદ કે પ્યાસે હમ !'' હિન્દી સિનેમામાં અજોડ, અમર પ્રેમગીતો તથા ભક્તિગીતો અસંખ્ય જન્મ્યાં છે, જે ભાવકોનાં હૃદયમાં અમર સ્થાન પામ્યા છે. મહાન કવિઓ તથા ગાયકો જેમના નામ ખૂટે નહીં, તેવાં પ્રદીપજી, શૈલેન્દ્ર, રવીન્દ્ર જૈન, શકીલ બદાયુની, કૈફી આઝમી, ગુલઝાર વિ. સંગીતકારોમાં નૌશાદ, રવી, મદનમોહન, એસ.ડી. બર્મન, લક્ષ્મી–પ્યારે, શંકર જયકિશન વિ. ગાયકોમાં લતાજી, આશાજી, મહંમદ રફી, મુકેશજી, મન્ના ડે, મહેન્દ્ર કપૂર ! (ઐ, માલિક, તેરે બંદે હમ !) વગેરે. ભક્તિ અને પ્રેમ અલગ નથી. ભારતીય સાહિત્યમાં

---

**સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સૂરત**

કવિતા, ભક્તિ, પ્રેમ, સંગીત વગેરે એકરૂપ થઈ ગયાં છે. મીરાંબાઈ, નરસિંહ મહેતા, તુલસીદાસ, સૂરદાસ, રહીમજી, કબીરજી, જ્ઞાનદેવ, તુકારામ, નાનકદેવ (ગ્રંથ સાહેબ) પ્રેમાનંદ, દયારામ, દલપતરામ, સુંદરમ્ વગેરે વગેરે.

ભારતીય ભક્તિ–સાહિત્યમાં ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કેન્દ્ર સ્થાને છે... શ્રીરામ, હનુમાનજી, ગણેશજી, માતાજી, શિવજી વગેરેના ગુણ ગાતાં કાવ્યો, ભજનો, લોકગીતો વગેરે દ્વારા સંસ્કૃતિની હાર્દ સમો પ્રભુ–પ્રેમ જ વ્યક્ત થાય છે. પ્રભુના પ્રેમને સમજવા માટે માતા–પિતાના પ્રેમને સમજવો જરૂરી છે, જે સદાય નિસ્વાર્થ પ્રેમ છે. ભાઈ–બહેન, ભાઈ–ભાઈ કે મિત્રોનો પ્રેમ પણ ઘણીવાર આદર્શ પ્રેમરૂપે જોવા મળે છે, જેમાં પણ ત્યાગ કે સેવાની ભાવના પ્રબળ હોવી જરૂરી છે.

ધર્મગ્રંથ બાઈબલમાં એક સ્થળે લખાયું છે કે **"Greater love hath no man than this that a man lay down his life for a friend."** અંગ્રેજ લેખક **Charles Dickens** ની એક નવલકથા **'A Tale of Two Cities'** ના અંતિમ પ્રકરણનું આ વાક્ય શીર્ષક રૂપે છે. જ્યાં અજાણી વ્યક્તિને ફાંસી દ્વારા મૃત્યુથી બચાવવા માટે વાર્તાનો નાયક તે વૃદ્ધા સ્ત્રીનું સ્થાન પોતે લઈ લે છે અને મૃત્યુનો જય જયકાર કરે છે. મૃત્યુથી જીવનનો અંત નથી થતો, તે તો નવા જીવનની શરૂઆત રૂપે આવે છે, અને તેથી જ અમરત્વ પ્રાપ્ત થાય છે. લેખની શરૂઆતમાં જગ–વિખ્યાત પ્રેમીઓનાં નામ છે, તે સૌ મૃત્યુ પામીને અમર બની ગયાં. જીસસ ક્રાઈસ્ટ, સોક્રેટિસ, મહાત્મા ગાંધી, જોન ઓવ આર્ક વગેરેનો પ્રેમ આવી ઉચ્ચ કક્ષાનો, બલિદાનનો પ્રેમ હતો.

હવે અંતે, દક્ષિણ હિંદુના એક શિવભક્તની વાર્તા. જેમાં પણ પ્રભુને રીઝવવા માટે સર્વસ્વના ત્યાગનો મહિમા ગવાયો છે. જે બાઈબલના સૂત્રને બરાબર અનુરૂપ બને છે. એક શ્રીમંત શિવભક્તની કસોટી કરવા શિવજી તેને અત્યંત ગરીબ બનાવીને પારાવાર દુ:ખ આપે છે અને અંતે તેને સ્વર્ગમાં સ્થાન આપે છે. સ્વર્ગ એટલે અનંત, અપાર સુખ. આ વાર્તા દ્વારા આપણે ઈશ્વરના પ્રેમનો અનુભવ કરી શકીએ ! વાર્તાના નાયકનું નામ છે : મરનાર. સ્થળ છે : એલાયનકુડી. શ્રીમંત ભક્ત સદાય શિવભક્તોને જમાડતો, વધુને વધુ શિવભક્તોના આશીર્વાદ પામીને તેનું ધન ભંડોળ સદાય વધતું રહ્યું. કેટલાક લોકો તેને કુબેર કહેવા લાગ્યા. અખૂટ ધન ભંડારનો સ્વામી. પરંતુ શિવજીએ કસોટી કરવાનું શરૂ કર્યું ત્યારથી તેનો ધનભંડાર ઘટવા લાગ્યો. મરનારે મિલકતો વેચવી પડી. અંતે તેની પાસે એક ઝુંપડી અને થોડીક જમીન જ રહી ગઈ. કારમી ગરીબી, પૂર્ણ દારિદ્રય. શિવજી એક દિવસ સાધુના રૂપમાં ભિક્ષા માટે પધાર્યા. રાત્રિનો સમય. ભારે વર્ષા. પતિ–પત્ની બંને પણ ભૂખ્યાં હતાં. સાધુએ કહ્યું, "હું ભૂખ્યો છું. મને ભિક્ષા આપો." ઘરમાં તો કશું હતું જ નહીં. પત્નીએ મરનારને કહ્યું કે જાવ ખેતરમાંથી ડાંગર વાવી છે તે લઈ આવો. "વરસતા વરસાદમાં મરનાર બિયારણ લઈ આપ્યો. પણ ઘરમાં બળતણ માટે લાકડું પણ નહોતું. તો હવે શું કરવું ? પતિએ ઝુંપડીની છતનું લાકડું તોડીને, ટૂકડા કરીને બળતણ પૂરું પાડ્યું. પરંતુ ચોખા રાંધ્યા પછી કઢી વિના કેમ પિરસાય ? ઘર પછવાડેથી થોડી લીલોતરી તોડીને તેની કઢી બનાવી. વરસતા વરસાદમાં આ કામ ઘણું કઠણ હતું. પત્ની રસોઈમાં હોંશિયાર

હોવાથી સાધુને માટે ભોજન તૈયાર કર્યું. દરમિયાન સાધુ તો ભૂખ્યા સૂઈ ગયા હતા. તેમને જગાડીને ભોજન પીરસ્યું. અહો આશ્ચર્ય ! સાધુના બદલે તેમને સાક્ષાત શિવજીનાં દર્શન થયાં. શિવજી તથા પાર્વતી તેમના પોઠિયા ઉપર બિરાજમાન હતાં. શિવજી બોલ્યા : ''આનું નામ પ્રેમ !'' મને ખબર છે કે મારા કરતાં તમને ભોજનની વધારે જરૂર છે.'' **"Your need is greater than mine."** (બરાબર આવાજ શબ્દો અંગ્રેજ સેનાપતિ સર ફિલીપ સીડની રણમેદાનમાં ઘવાયેલા પડેલા તથા પાણીની તરસ છિપાવવા કોઈ સૈનિક તેમને માટે પાણીનો પ્યાલો લાવ્યો ત્યારે બોલેલા, કારણ કે બાજુમાં જ બીજો એક સામાન્ય સૈનિક પણ ઘવાયેલો પડેલો, જે પણ ખૂબ તરસ્યો હતો તથા તેને માટે કોઈ પાણી લાવનાર નહોતું. સર ફિલીપ સીડની તો સેનાપતિ હતો, તેની સેવા કરવી જ પડે. પણ સીડનીએ બાજુના સૈનિકની તરફ પોતાનો પાણીનો પ્યાલો મોકલ્યો અને કહ્યું કે : **"Thy need is greater than mine !"**

બસ આ છે પ્રેમ. આનાથી વિશેષ કશું મહાન નથી. શિવજી અને પાર્વતીએ મરનાર તથા તેના પત્નીને આશીર્વચન કહીને જણાવ્યું, હવે તમારો સમય થઈ ગયો છે. અમારી સાથે સ્વર્ગલોકમાં ચાલો.''

(લેખક : મો. નં. : ૯૭૨૭૭૬૧૩૮૦)

---

(જે. કૃષ્ણમૂર્તિ પાના-૧૪ ઉપરથી ચાલુ)

કૃષ્ણમૂર્તિનું મૌલિક ચિંતન વિશ્વના દરેક બુદ્ધિશાળી અને વિચારશીલ માણસને પ્રભાવિત કરે છે.

તેમની કોઈ અપેક્ષા નથી, તેમના કોઈ અનુયાયી નથી, તેમનો કોઈ પંથ નથી. તેઓ આપણને કોઈ દિશામાં વાળવા નથી ઈચ્છતા. તેઓ આપણને ફોસલાવીને કોઈ બાબત કરવા માટે પ્રેરતા નથી.

તેમના ૯૦ વર્ષના જીવનકાળ દરમિયાન તેમણે સમગ્ર વિશ્વમાં ૬૫ વર્ષ સુધી ભ્રમણ કરીને માનવજાતને જાગૃત કરી.

તેમનું જીવનલક્ષી શિક્ષણ ૭૫ પુસ્તકો, ૭૦૦થી વધારે ઓડિયો અને ૧૨૦૦થી વધારે વિડીયો સીડીમાં સચવાયું છે. તે લગભગ બે કરોડ શબ્દો જેટલું છે !

'ટાઈમ' મેગેઝીન જણાવે છે કે '૨૦મી સદીના મહાન પાંચ સંતોમાં એક છે જે. કૃષ્ણમૂર્તિ.' તેમનાં પુસ્તકોનો બાવીસ ભાષાઓમાં અનુવાદ થયો છે અને તેની અત્યાર સુધીમાં ૪૦ લાખ નકલો વેચાઈ ચૂકી છે.

ભારતના આ મહાન સંતનું ચિંતન ખરેખર આપણે સહુએ સમજવા જેવું છે અને જીવનમાં અમલમાં મૂકવા જેવું છે. તેઓ પોતે જાતિ, ધર્મ અને પરંપરા કે કોઈ દેશના નાગરિકત્વથી પર હતા.

૩૨ વર્ષ પૂર્વે તેમનું મૃત્યુ થયું ત્યારે તેમની ઉંમર ૯૧ વર્ષની હતી.

તેમના સન્માનમાં ટપાલ-ટિકિટ બહાર પાડવામાં આવી છે. તેમણે પોતાની આંતરિક ચેતનાથી વિશ્વને જીવન પ્રત્યે નવો દૃષ્ટિકોણ આપ્યો. તેમણે વિશ્વના લોકોને શિક્ષણ આપ્યું અને તેમનો જગતગુરુ તરીકે ઉછેર થયો હોવા છતાં તેઓ કોઈના ગુરુ ન હતા. તેઓ કહેતા કે હું એવો અરીસો છું જેમાં તમે તમારી જાતને જોઈ શકો છો. તેઓ કોઈ સમૂહ વિશેષના ન હતા પરંતુ સમસ્ત માનવજાતના મિત્ર હતા.

નવી વિચારધારા દ્વારા લોકોને જાગૃત કરી તેમણે લોકોને સાચું જીવન સુખ અને આનંદથી જીવવાની પ્રેરણા આપી. તેઓ સાચા અર્થમાં માર્ગદર્શક હતા.

(લેખક : મો. નં. : ૮૭૫૮૭૪૬૨૩૬)

---

**સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી**

**ભાવનગર લોજ**

પ્રસ્તુતિ
શ્રી હર્ષદ દવે
રેવા લૉજ, વડોદરા

# જે. કૃષ્ણમૂર્તિ

હું વિગત ૩૦ વર્ષથી જે. કૃષ્ણમૂર્તિના વિચારોના સંપર્કમાં છું. એ મારું સદભાગ્ય છે. જ્યારે મને તેમનાં અમુક પુસ્તકોને ગુજરાતીમાં ઉતારી જિજ્ઞાસુ ગુજરાતી વાચકગણ સમક્ષ મૂકવાનો અવસર સાંપડ્યો ત્યારે એ સદભાગ્ય અદકેરું બની રહ્યું.

અનુસર્જનની એ યાત્રા દરમિયાન મને જે. કે.ના વિચારોને વધારે સમજવાનો મોકો મળ્યો. કદાચ એથી જ હું અત્યારે તેમનો પરિચય આપવાની હામ ખેડું છું.

જે. કૃષ્ણમૂર્તિનું પૂરું નામ જીડ્ડુ કૃષ્ણમૂર્તિ.

આંધ્રના મદનપલ્લી ગામે મે, ૧૮૯૫ માં જન્મ.

પિતા નારાયણ શિવપંથી બ્રાહ્મણ. તેલુગુભાષી. કૃષ્ણમૂર્તિના જન્મ પહેલાં જ તેઓ થિઓસોફીસ્ટ બન્યા હતા.

માતા શિવમ્માએ કૃષ્ણમૂર્તિ જન્મવાના હતા ત્યારે ડિલિવરી રૂમ તરીકે પૂજાનો રૂમ પસંદ કર્યો હતો. તેમને તેમના પિતાજી કરતાં માતાજી પ્રત્યે વધારે લાગણી હતી જો કે શુદ્ધ બ્રાહ્મણ તરીકે કૃષ્ણમૂર્તિ તેમના પિતા સાથે રોજ પૂજામાં બેસતા હતા. જે. કૃષ્ણમૂર્તિનો જન્મ આજથી ૧૨૩ વર્ષ પહેલાં થયો હતો. તેઓ તેમના પિતાનું આઠમું સંતાન હોવાથી તેમનું નામ કૃષ્ણ રાખવામાં આવ્યું. સાધારણ સ્થિતિના પિતાનું આઠમું સંતાન સાધારણ હોય એવું નથી, તેમની પ્રતિભા અસાધારણ હતી.

રશિયામાં જન્મેલા એચ. બી. બ્લેવેટ્સ્કી અને તેમના એક મિત્રે થિઓસોફિકલ સોસાયટીની સ્થાપના કરી હતી. આ સોસાયટીના મુખ્ય લોકોએ મંત્ર, તંત્ર, અધ્યાત્મ, હિંદુ ધર્મ અને બીજા ધર્મોના સિદ્ધાંતોને આવરી લઈને પોતાની અલગ વિચારધારા પ્રસ્તુત કરી છે. તે મુજબ સંસ્થા અવતારવાદ અને ગૂઢ રહસ્યોમાં માનતી હતી. એની બેસન્ટ અને બીજા થિઓસોફિસ્ટ લેડબિટર આ વિચારધારાના સંદર્ભમાં એમ માનતા હતા કે આ જગતમાં બોધિસત્વ જેવો કોઈ બીજો અવતાર આવશે. તેથી તેઓ તેની શોધમાં હતા. કૃષ્ણના ચહેરા પરનું તેજ જોઇને થિયોસોફિકલ સોસાયટીના લેડબીટર તેમના તરફ આકર્ષાયા. તેમને લાગ્યું કે જગતગુરુને અનુરૂપ લક્ષણો જે. કૃષ્ણમૂર્તિ ધરાવે છે.

તે દરમિયાન એ સંસ્થાના વડા એની બેસન્ટને સ્વપ્ન આવ્યું કે એ કૃષ્ણ જગદગુરુ બનવા સર્જાયા છે. એટલે તેમણે કૃષ્ણને દત્તક લીધા. તેમણે કૃષ્ણને જગદગુરુ તરીકે તાલીમ આપવી શરૂ કરી.

થિયોસોફીકલ સોસાયટી દ્વારા ૧૯૧૧ માં 'ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર ઈન ધ ઈસ્ટ' નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. જે કૃષ્ણમૂર્તિને આ સંસ્થાના વડા બનાવવામાં આવ્યા હતા. જ્યારે કૃષ્ણને જગદગુરુ તરીકેનું પદ સંભાળવાનું આવ્યું ત્યારે તેમણે એ પદનો અસ્વીકાર કર્યો. અને એ માટે તેમને દાનમાં મળેલી કરોડોની સંપત્તિ તેમણે દાતાઓને પાછી સોંપી દીધી. ૧૯૨૯ ના ઓગષ્ટના પ્રારંભે કૃષ્ણમૂર્તિએ ૩૦૦૦ સભ્યોની હાજરીમાં આ સંસ્થાને વિખેરી નાખી. એ સમયે તેમણે જે વક્તવ્ય આપ્યું હતું તેના અંશો સાંભળીએ :

"સત્ય એવી ભૂમિ છે કે જ્યાં પહોંચવાનો કોઈ રસ્તો નથી. તેને કોઈ સંસ્થા, કોઈ પંથ કે કોઈ અંધવિશ્વાસ દ્વારા મેળવી ન શકાય. તેને કોઈ પાદરી-પૂજારી દ્વારા,

**સૌજન્ય : શ્રી ઉપેન્દ્રભાઈ હીરાલાલ દેસાઈ તથા શ્રીમતિ તરૂલતાબેન યુ. દેસાઈ તરફથી સસ્નેહ !**
**અમદાવાદ લોજ**

કોઈ કર્મકાંડ દ્વારા કે કોઈ તત્વજ્ઞાન દ્વારા અથવા માનસિક ટેકનિક વડે પામી ન શકાય. તેને બૌદ્ધિક વિશ્લેષણ કે આંતરિક પૃથ્થકરણ દ્વારા ન મેળવી શકાય. પરંતુ પોતાના મનના વિચારોની સમજ મેળવીને, તેનું નિરીક્ષણ કરીને સંબંધના દર્પણમાં તેને શોધી શકાય છે.''

''માણસે પોતાની સલામતી માટે વાડ તરીકે કેટલીક ધાર્મિક, રાજકીય અને વ્યક્તિગત ધારણાઓ બાંધી લીધી છે. તે સંકેતો, કલ્પનાઓ અને માન્યતાઓના સ્વરૂપે સર્વત્ર જોવા મળે છે. આ ધારણાઓનો બોજો તેની વિચારણા, તેના સંબંધો અને તેના રોજ-બ-રોજના જીવન પર હાવી થઈ જાય છે. આ ધારણાઓ જ આપણી સમસ્યાઓનું કારણ બને છે. કારણ કે તે માણસ-માણસ વચ્ચે ભેદભાવ (વિભાજન) ઊભા કરે છે. કોઈ વ્યક્તિની જીવન વિશેની સમજણ તેના અનુભવો અને તેની ધારણાઓ ઉપર આધારિત હશે. તેની ચેતનાની વિષયવસ્તુ જ તેનું સમગ્ર અસ્તિત્વ હોય છે. તેની વ્યક્તિગત બાબતોમાં તો તેણે પરંપરા અને તેની આસપાસના વાતાવરણમાંથી તેને મળેલું નામ, તેનું સ્વરૂપ અને તેની ઉપરછલ્લી સભ્યતાનો સમાવેશ થતો હોય છે જે સામાન્યપણે દરેક માનવીમાં જોવા મળે છે. માણસનું અનોખાપણું આ ઉપરછલ્લી બાબતોમાં નથી હોતું. તે તો તેની ચેતનાને આવી બધી બાબતોથી સંપૂર્ણપણે મુક્ત થવામાં હોય છે, એટલે જ આ વાત એક વ્યક્તિની નથી.

મુક્તિ કોઈ પ્રતિક્રિયા નથી; મુક્તિ આપણી પસંદગીની બાબત નથી. માનવી પાસે મુક્ત થવાની પસંદગી છે એ તો તેનો આડંબર છે. મુક્તિ તો એવું નિર્ભેળ નિરીક્ષણ છે જેમાં કોઈ દિશાનિર્દેશ નથી, તેમાં બદલા કે સજાનો કોઈ ભય નથી. મુક્તિ હેતુ રહિત છે. મુક્તિ એ માનવીની ઉત્ક્રાંતિને અંતે આવતી બાબત નથી. હકીકતમાં મુક્તિ વ્યક્તિના અસ્તિત્વની શરૂઆતથી જ અસ્તિત્વ ધરાવે છે. માણસ નિરીક્ષણ કરીને તેમાં 'મુક્તિનો અભાવ' શોધવાની શરૂઆત કરે છે ! ખરું કહીએ તો મુક્તિ સાંપડે છે આપણાં અસ્તિત્વમાં, આપણે દાખવેલી આપણી રોજેરોજની પ્રવૃત્તિઓમાં અને આપણી પસંદગી રહિતની સભાનતામાં (કન્ટીન્યુઅસ ચોઈસલેસ અવેરનેસમાં)!

વિચાર સમય છે. વિચાર અનુભવ અને જ્ઞાનમાંથી ઉદ્‌ભવે છે અને તેને સમય તથા ભૂતકાળથી અલગ કરી શકાતા નથી. સમય માણસનો માનસિક દુશ્મન છે. આપણી ક્રિયાઓ જ્ઞાન પર અને તેથી જ સમય પર આધારિત છે. આમ માણસ હંમેશાં પોતાના ભૂતકાળનો ગુલામ રહે છે. વિચાર હંમેશાં મર્યાદિત હોય છે. અને તેથી આપણે સતત સંઘર્ષ અને ઘર્ષણમાં રહીએ છીએ. મનુષ્યમાં માનસિક ઉત્ક્રાંતિ જેવું કાંઈ થયું નથી. માણસ જ્યારે પોતાના વિચારોથી સભાન થાય છે ત્યારે તે વિચારક અને વિચાર, નિરીક્ષક અને નીરીક્ષિત, અનુભવ કરનાર અને અનુભવને વિભાજક પરિબળ તરીકે જોશે. પણ વધારે ધ્યાન આપવાથી તેને એ જણાશે કે આ વિભાજન કેવળ ભ્રાંતિ છે. અહીં તો છે માત્ર એ શુદ્ધ (સ્પષ્ટ) નિરીક્ષણ કે જેમાં ભૂતકાળના સમયની કોઈ છાયા નથી, કેવળ આંતરિક અંતર્દષ્ટિ. આ સમય રહિતની અંતરદષ્ટિ જ માનવીના મનમાં ધરમૂળથી ગહન રૂપાંતરણ લાવે છે. સંપૂર્ણ નકાર (નિષેધ) જ સકારાત્મક તત્ત્વનું સત્વ છે. વિચાર જ્યારે એવી બધી બાબતોનો નકાર કરે, ખંડન કરે, ત્યાર બાદ જ સત્ય પામી શકાય છે. ત્યારે ત્યાં પ્રેમ હોય છે અને એ જ છે કરુણા અને પ્રજ્ઞા.

ત્યારબાદ તેમણે પોતાનું મૌલિક ચિંતન શરૂ કર્યું. તેમના વિચારો બિલકુલ તેમના પોતાના જ હતા. તેમાં તેમણે કોઈ પુરાણો, શાસ્ત્રો કે વેદોની વાતોનો આધાર

**સ્વર્ગસ્થ સવિતાબેન ડાહ્યાલાલ પંડ્યાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડ્યા, હરજીવન (આશ્રમ) લોજ, કડોલી**

લીધો ન હતો. કોઈ વ્યક્તિ કે ધર્મનો પણ એમના વિચારો પર પ્રભાવ ન હતો. તેમણે માનવજાતનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. તેમણે જોયું કે લાખો વર્ષોથી માનવી દુઃખ ભોગવતો રહ્યો છે. તેના જીવનમાં અપાર મુશ્કેલીઓ છે, દુઃખો છે, વેદના અને વિપત્તિઓ છે, ગેરસમજ છે, અજ્ઞાન છે. માનવ જીવનને લગતા આવા અનેક વિષયો પર તેમણે ગહનપણે મનન કર્યું અને તેનો ઉપાય શો હોઈ શકે તે વિષે વિચાર્યું. તેમનું ચિંતન ખરેખર આપણને ગંભીરતાથી વિચારતા કરી દે તેવું છે. વિશ્વના બધા જ ધર્મોએ આપેલું શિક્ષણ તેમજ તેમણે પોતે આપેલા શિક્ષણનું આધિપત્ય સ્વીકારવાનું પણ તેમને નકાર્યું છે. તમારો પથ તમે જાતે જ બનાવો. તમારી કેડી તમે જાતે જ કંડારો. કૃષ્ણમૂર્તિ યુગપુરુષ છે. તેમના જેવી અપૂર્વ મૌલિકતા જવલ્લે જ જોવા મળે.

'કોઈ મારો શિષ્ય નથી, ગુરુ સત્યને દબાવી દે છે, સત્ય તો તમારી અંદર છે. સત્ય શોધવા માટે માણસનું દરેક બંધનોથી મુક્ત હોવું જરૂરી છે. વ્યક્તિનું સંપૂર્ણ રૂપાંતર થાય ત્યારે જ વિશ્વમાંથી સંઘર્ષ અને દુઃખ દૂર થઇ શકે. ભૂતકાળનો બોજો અને ભવિષ્યની ચિંતા તથા ભયથી મનને મુક્ત રાખવું જોઈએ.'

'માણસના માણસ બનવાથી જ મુક્તિની શરૂઆત થાય છે. પરંતુ માણસ આજે હિંદુ, બૌદ્ધ, ખ્રિસ્તી, મુસ્લિમ, અમેરિકન અથવા અરબી છે.'

'વિશ્વ વિનાશને આરે આવીને ઊભું છે અને તેનો ઉકેલ કહેવાતા ધર્મગુરુઓ અને રાજકારણીઓ પાસે નથી.'

ગંગાની સપાટી પર દેખાતાં પાણીને જ ગંગા માની લઈએ તો એ સમજણનો અભાવ કહેવાય. ઉદ્‌ગમથી સમુદ્ર મિલન સુધી તે ગંગા છે. એ જ રીતે આપણા હોવામાં પણ ઘણું ઘણું છે. આપણા વિચારો, આપણી માન્યતાઓ, ધારણાઓ, પૂજા-પાઠ, મંત્ર વગેરે સપાટી પરનું છે. તેની તપાસ કરીને તેનાથી મુક્ત થવાનું છે. ગમતી કે ન ગમતી દરેક બાબતોથી મુક્તિ મેળવવાની છે.'

'આપણે જેવા છીએ તેવા આપણને પોતાને ઓળખી લેવા જોઈએ. આપણા દરેક વિચારોનું અવલોકન કરવું અને તેને અનુરૂપ જીવવું. સહજ ભાવે સહુ સાથે પ્રેમપૂર્વક રહેવું. પસંદગી રહિતની સતત સભાનતા રાખવી. પળેપળ જાગૃત રહેવું જોઈએ. વર્તમાનમાં રહો.'

તમે જે વિચારો, અનુભવો અને કરો તેનું નિરંતર નિરીક્ષણ કરી જીવનમાં રહેલી તાણ, કંટાળો, ભ્રમ વગેરેથી મળતી મુક્તિ આપણને સંપૂર્ણતા તરફ લઈ જાય છે. એ જ જીવનનું વાસ્તવિક લક્ષ્ય મેળવવાનું છે.'

'જો તમે તમને પોતાને ન જાણતા હો તો પ્રેમ અને સંબંધને કેવી રીતે જાણી શકો ? આપણે પરંપરાના ગુલામ છીએ. ભલે આપણે પોતાને આધુનિક અને સ્વતંત્ર માનીએ પણ અંદરખાને તો આપણે જૂનવાણી, પરંપરાવાદી જ છીએ. આપણે એકબીજા વિષે જે ધારણા બાંધી લઈએ છીએ તેના પર જ આપણા સંબંધોનો આધાર હોય છે. આ પરંપરાગત બાબત છે જે આપણી રીત બની ગઈ છે. તે આપણાં જીવનમાં વણાઈ ગઈ છે. અને તેમ કરીને આપણે એકબીજાને મુશ્કેલીમાં મૂકીએ છીએ. તો શું આ પરંપરાને રોકી ન શકાય ?'


'બાળકોને તેઓ મૌલિક રહે તે રીતે તેમના વિચારો અને કાર્યો તરફ જાગૃત કરવાં જોઈએ. સ્વયંશિસ્તની તાલીમ આપવી જોઈએ. તેમને જીવન જીવવાની આવડત પણ શીખવવી જોઈએ.'

આપણી અંદર જ સમગ્ર વિશ્વ છે. 'તમે જ વિશ્વ છો.'

*(અનુસંધાન પાન-૧૧ ઉપર)*

**સ્વ. મંજુલાબેન મનસુખભાઈ મિસ્ત્રીના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી મનસુખભાઈ ગોરધનદાસ મિસ્ત્રી, અમદાવાદ લોજ**



# શ્રદ્ધાંજલિ

તા. ૧૯.૪.૨૧ના રોજ શ્રી દર્શનભાઈના ફોનથી મુ.શ્રી અરવિંદભાઇ આપણાથી વિખૂટા પડવાના સમાચાર જાણી ખૂબ આઘાત લાગ્યો. હજી તો દશ દિવસ પહેલા ફોન પર અરવિંદભાઈ સાથે તેઓ દ્વારા પ્રકાશિત થયેલ ૧. કર્મયોગનું વિજ્ઞાન ૨. ''માનવ-નિર્માણ' તથા ૩. 'હવે જોઈએ છે વિશ્વસંઘ' બાબત લાંબી ચર્ચા થયેલી. આ નાની નાની પણ સમાજ ઉપયોગી પુસ્તિકાઓ થિયૉસૉફિકલ સંસ્થાના સભ્યોને આપીએ તો કેટલી ઉપયોગી થશે અને સૌને કેવી રીતે પહોંચાડી શકાય તે બાબત વિગતથી વાત કરી હતી અને આમ અચાનક આપણી વચ્ચેથી વિદાય લીધાના સમાચાર સ્હેજે લાગણીને આઘાત પહોંચાડે જ ને.

મુ. શ્રી અરવિંદભાઈના જીવન પર દૃષ્ટિ કરીએ તો તેઓ ખરા અર્થમાં થિયોસોફીસ્ટ – એક કર્મયોગી હતા. બીજી ખાસ નોંધપાત્ર બાબત એ હતી કે તેઓ હંમેશા આંખ-કાન ખુલ્લા રાખીને જીવવામાં માનતા હતા. તેથી નાની નાની બાબતોમાં થતાં અનુભવોમાંથી તેઓ ઘણું જ શીખવા તૈયાર રહેતા હતા. જો કે તેઓનો જન્મ તા. ૧૦.૧.૧૯૩૦ ના રોજ બારડોલી તાલુકાનાં સરભોણ જેવા નાના ગામમાં થયો હતો. પણ શરૂઆતનું શિક્ષણ એક આદર્શ શિક્ષક અને શાળાના આચાર્ય એવા એમના દાદા પાસેથી મોસાળમાં રહીને લીધું હતું અને જીવનના ઉત્તમ સંસ્કારોના બીજ ત્યાંજ રોપાયા હતા. બાદમાં માતાપિતા સાથે મુંબઈની પંચરંગી પ્રજામાં રહી કોલેજનું શિક્ષણ લીધું. મુંબઈ સૌ સાથે હળી-મળી ખૂલ્લા માહોલમાં રહેવાને કારણે તેઓ પારસી અને મુસલમાન પરિવારના સારા એવા પરિચયમાં આવ્યા અને એની અસર તેઓ સર્વ પ્રત્યે સમભાવ અને પ્રેમાળ લાગણી ધરાવતા થયા, આમ જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદભાવથી મુક્ત રહી સર્વ પ્રત્યે ભ્રાતૃભાવની ભાવના રાખતા. શાસ્ત્રીય સંગીતનો શોખને કારણે ભારતના અનેક ખ્યાતનામ કલાકારોના સંપર્કમાં આવવાની એમને તક મળી હતી.

૧૯૫૬માં અરવિંદભાઈની બદલી મુંબઈથી વડોદરા થતાં, ત્યાં રેવા લૉજ થિયોસૉફિકલ સોસાયટી દ્વારા યોજાતા પ્રવચનો સાંભળવા તેઓ જતાં અને ધીરે ધીરે થિયોસૉફિકલનું આકર્ષણ વધતા વધતા ૧૯૫૭માં ગુજરાત થિયોસોફીના પિતામહ કહેવાય એવા શ્રી હરજીવનદાદાના શુભ હસ્તે થિયોસૉફિકલ સોસાયટીના સભ્ય બન્યા પછી તો દિલ દઈને રેવા લૉજના કાર્યમાં સક્રિય રસ લેવાનું શરૂ કર્યું. જેના પરિણામે ૧૯૫૮માં રેવા લૉજને ૭૫ વર્ષ થતાં મણિમહોત્સવ નિમિત્તે વડોદરામાં યોજાયેલ ફેડરેશનના કાર્યમાં શ્રી છોટુભાઈ સુતરીઆના પરિવાર સાથે કામ કરવાનો મોકો મળ્યો, સાથે રહી ખૂબ મહેનત કરી. જેના પરિણામે ૧૯૫૯માં ગુજરાત થિયૉસૉફિકલ ફેડરેશનમાં શ્રી બચુભાઈ સુતરીઆ સાથે સહ મંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો, અને શ્રી બચુભાઈ સાથે સહ મંત્રી તરીકે રહી લગભગ એક દસકા જેટલા સમયગાળામાં કાર્ય કર્યું.

બાદ તેઓ જે. કૃષ્ણમૂર્તિની વિચારધારાથી પ્રભાવિત થયા હતા તેમજ વિમલા તાઈના પ્રવચનોમાં સક્રિય રીતે ભાગ લઈ બિરદારીની પ્રવૃતિ ખૂબ આગળ વધારી હતી. એમા એવા રંગાયા કે વિમલા તાઈના ઘણા પુસ્તકોનું ગુજરાતમાં અનુવાદો પ્રકાશિત કરવામાં નિમિત બન્યા હતા. તેમ છતાં તેઓ થિયૉસોફીને ભૂલ્યા ન હતા. થિયોસૉફિકલ સોસાયટીના કાર્ય માટે સદા તત્પર રહેતા. જુનાગઢ તેઓ બિરદારીના કામે આવેલા ત્યારે પણ થિયોસૉફિકલ સોસાયટીના સભ્યો સાથે મિટિંગ કરી હતી.

જ્યારે અમદાવાદમાં ગુજરાત થિયૉસૉફિકલ ફેડરેશનનું અધિવેશન કરવાનું નક્કી થયું ત્યારે સ્થળની તકલીફ હતી ત્યારે તેઓએ અંગત રસ લઈ તેમજ પોતાની અંગત ઓળખાણનો ઉપયોગ કરી ગુજરાત વિદ્યાપીઠમાં સગવડ કરાવી આપી હતી.

છેલ્લે છેલ્લે પણ ગુજરાત થિયોસૉફિકલ ફેડરેશનના સભ્યોને સહાયભૂત થવા અને સૌ સભ્યોને નવી વિચારધારાનો લાભ મળે તેવી ભાવનાથી ઉપરોક્ત ત્રણે પુસ્તિકાના વિતરણ બાબત સતત અમારા સંપર્કમાં રહેતા હતા.

---

**સ્વ. શ્રીમતિ નિર્મળાબેન નંદલાલ ચાવડાની સ્મૃતિમાં...**

**સૌજન્ય : શ્રી નંદલાલ એસ. ચાવડા, ગ્રામ સેવા લોજ, કોંજલી**

આજે સદેહે આપણી વચ્ચે નથી, પરંતુ તેઓની ભાવના સદાય આપણને યાદ રહેશે. ઈશ્વર તેઓની આધ્યાત્મિક પ્રગતિમાં સહાય કરે તેવી પ્રાર્થના. *– પ્રમુખ ગુ. થિ. ફે. નરેશ ત્રિવેદી*

• • •

(૨) મુ.શ્રી અરવિંદભાઈ ને વડીલ મુ. શ્રી હરજીવનદાસ મહેતાના વરદ હસ્તે ડિપ્લોમા નં ૪૨૪૮૯ તા. ૯.૯.૧૯૫૭ના રોજ રેવા લૉજ થિયોસોફિકલ સોસાયટી મારફત આપવામાં આવ્યો. આમ યુવાનીમાં જ થિયોસૉફિકલ સોસાયટીનો રંગ લાગ્યો જે આજીવન તેમના જીવનમાં બહુ મોટો ભાગ ભજવી ગયો. હરજીવનદાદાના અનુયાયી બન્યા, તેમના જીવનમાં તેઓ છવાઈ ગયા હતા. હરજીવનદાદા હંમેશા કહેતા કે "હું તારો ભાઈ થાઉં", આ સુવર્ણ વાક્ય હતું તેમના જીવનનું, તેમ કહી સામેની વ્યક્તિનો પ્રેમ જીતવાની અદ્ભૂત કળા સાકાર કરી બીજાને પણ પ્રેરણા આપતા રહ્યા. થિયૉસૉફીના પાયામાં રહેલ 'સુવર્ણ સીડી' **(A clean Life , an open mind, a pure heart, an eager intellect)** તે જીવન મંત્ર બની ગયો હતો. સ્વ. બચુભાઈ સુતરીઆની યુગલ જોડીએ ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનના સહ મંત્રી પદે રહી સુંદર કામગીરી બજાવી હતી, અધિવેશન, શિબિરો અને અભ્યાસ વર્ગોનું સફળતા પૂર્વક આયોજન કરતાં હતા, તિથલમાં જે. કૃષ્ણમૂર્તિના પુસ્તકોના અભ્યાસ વર્ગોનું આયોજન કરતાં હતાં, પાછળથી તેમના પર વિમલા તાઈ, બિરાદરીની અસર ખૂબ રહી, તેઓ રજનીશજીથી પણ પ્રભાવિત થયા હતાં. તેમને ગમતાં વિષયોમાં કર્મનો નિયમ, માનવીના જીવનને સ્પર્શ કરતાં પ્રશ્નો પર વધુ વિચાર કરતાં રહ્યાં હતાં. આવા વિષયોને લઈ શિક્ષણક્ષેત્રે પણ તેમણે કાર્ય હાથ ધર્યું હતું. શિક્ષણશાસ્ત્રીઓ સાથે પી.ટી.સી., બી એડ્‌ના વિદ્યાર્થીઓ સાથે બેસી ચર્ચા અને વાર્તાલાપ કરતાં. જરૂરી સાહિત્ય છપાવી સ્કુલ-કૉલેજોમાં પ્રચાર અને પ્રસાર અર્થે છપાવી વહેંચવાનું કાર્ય કરતાં રહ્યાં. આમ જીવનના અંત સુધી આ બધા પ્રશ્નો સાથે લડતા ઝઝૂમતા રહ્યાં. છેલ્લા બે મહિનાથી હું તેમના સંપર્ક વધુ હતો, હવે જોઈએ છે વિશ્વસંઘ, માનવ—નિર્માણ, કર્મયોગનું વિજ્ઞાન "આ પુસ્તકો તું લઈ જા અને થિયોસૉફિકલ સોસાયટીના અભ્યાસુ સભ્યોને તેમના અભ્યાસ માટે વધુ ઉપયોગી બનશે", તેમને આ પુસ્તકો ભેટ તરીકે આપવાની અખૂટ ઈચ્છા બતાવી, કોરોનાની મહામારીને કારણે અને મારે બીજે રહેઠાણ બદલાવને કારણે તેમનું આ કાર્ય અધુરું રહ્યું, મારૂ રહેઠાણ બદલવાથી તેઓ કહેતાં કે હવે આપણે બહુ દૂર થઈ જઈશું ને ! આ વિધાન સમજી શકાય તેમ નહોતું.

આદર્શવાદી પ્રેમાળ ભાનુબેન સાથે તેમનું લગ્નજીવન હતું. ભાનુબેને માઉન્ટ કાર્મેન્ટ સ્કુલમાં શિક્ષિકા તરીકેની સેવા બજાવેલી. ૧૯૬૩ થી તેઓ અમદાવાદ સ્થાયી થયાં. થિયોસોફિકલ સોસાયટીના કાર્યને વેગ મળે, સભ્યો વધુ નજદીક આવી શકે તે હેતુથી થિયોસોફિકલ સોસાયટી હાઉસીંગ કોલોની બનાવવી જોઈએ. હાઉસીંગ કોલોની બનાવવાનું કામ પણ તેમણે ઉપાડી લીધું. સોસાયટીમાં એક સભાખંડ બનાવ્યો અને દામોદર લૉજની સ્થાપના કરી. અમદાવાદ શહેરમાં કોઈ અજાણી વ્યક્તિ થિયોસોફિકલ સોસાયટીના સાહિત્ય માટે તપાસ કરે તો લોકો થિયોસૉફિકલ સોસાયટી હાઉસીંગ કોલોનીનું સરનામું આપે, ત્યાં અરવિંદભાઈના ઘરે પહોંચી જાય અને એક થિયોસૉફિસ્ટ મળે એટલે એમ લાગે આપણે સાચી દિશામાં આવ્યા છીએ. હવે કોણ બતાવશે ? હાલ આ સોસાયટીમાં એક માત્ર થિયોસૉફિસ્ટ હતાં તેમણે પણ તા.૧૯.૪.૨૧ ના રોજ સૂર્ય ઉગે તે પહેલા આ પાર્થિવ દેહ છોડી અનંતની યાત્રાએ પ્રયાણ કર્યું. જેમને આપણે સાચા હૃદયથી થિયોસૉફિસ્ટ કહેતાં ખચકાઈશું નહિ, આપણે સૌ સાથે મળીને શ્રદ્ધાંજલિ આપીએ, તેમનો આત્મા વધુ પ્રગતિમય નીવડે તેવી પ્રભુને પ્રાર્થના કરીએ. *– મંત્રી ગુ. થિ. ફે. દર્શન મોદી*

• • •

(૩) સ્વ. શ્રી અરવિંદભાઈ દેસાઈને, ભાસ્કરભાઈ ભટ્ટ અમદાવાદ લોજ દ્વારા...

૯૧ વર્ષનું પૂર્ણ જીવન અને તે પણ ભાનુબેન સાથે મધુર દામ્પત્ય જીવન સાથે, છેવટ સુધી ઘરમાં હરતાં ફરતા. અમારા શરૂઆતના પરિચયમાં થિયોસૉફીની કપલ મેમ્બરની ફી લેવા જતો. સવારે વહેલા જતો અને કોઈ વખત સાથે ચ્હા પીવાનો લહાવો પણ લેતો. પરિચય વધતાં તેમની સાથે થિયોસૉફી, જે કૃષ્ણમૂર્તિ અને વિમલા તાઈના વિચારોની પ્રસાદી મળતી રહેતી. રહેઠાણનું નામ પણ 'કૃષ્ણ કુટિર'. તેમના ટેબલ પર શૈક્ષણિક પ્રયોગો દર્શાવતી, તત્ત્વજ્ઞાન દર્શાવતી

**સ્વ. અંજનાબેન સોનેજીના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી ભાસ્કરભાઈ સોનેજી, અમદાવાદ લોજ**

થિયોસૉફી, કૃષ્ણજી, અને વિમલા તાઈની સંકલન કરતી પુસ્તિકાઓ રહેતી, જે મને ભેટ આપતા જ રહેતા. બીજાને પણ આપતા હતા. કિંમત લખવાખાતર, પણ કોઈ વસૂલી નહીં. અમદાવાદની અમદાવાદ લૉજ અને રોહિત લૉજના સંયુક્ત પ્રોગ્રામ કરવા પ્રેરણા આપતા રહેતા.

અમદાવાદમાં શ્રી કૃષ્ણમૂર્તિ સ્ટડી સર્કલની સ્થાપના કરવામાં ખૂબ રસ દાખવેલ અને રવિવારે સવારે અપંગ માનવ મંડળ હૉલ આ માટે મળી રહે તેવી વ્યવસ્થા કરી આપેલ. કોઈ વખત સ્ટડી સર્કલમાં આવતા રહેતા.


તેઓ શ્રી એ સંકલન અને પ્રકાશન કરેલ અનેક પુસ્તિકાના થોડા નામ જોઈએ.

૧. **"The Book of Life J. Krishnamurti** ની ગુજરાતી પુસ્તિકા 'જીવનનું પુસ્તક' દસેક વર્ષ પહેલાં આ પુસ્તિકાની, કૃષ્ણજીના અભ્યાસુ ન હોય તેવાની પણ ખૂબ માંગણી આવતી. ૨. આંતરિક પ્રફુલ્લન – **Inward Flowering J.K.** ૩. જીવન સંવાદ સંકલન - **J.K. & Vimalaji.** ૪. કેળવણીનો નૂતન અભિગમ - ભયમુક્તિ અને સ્પર્ધા મુક્તિ. **J.K.** ૪. **A scientific outlook on the integration Through Education. – Vimala Thakar** ૬. કર્મયોગનું વિજ્ઞાન - વિમલા ઠાકર પ્રકાશન ૧૮.૪.૨૦.

• • •

(૪) શ્રી ચંદુભાઈ પંડ્યા, શ્રી હરજીવન આશ્રમ – કડોલી દ્વારા...

ભાઈશ્રી અરવિંદ દેસાઈના નિધનના સમાચારથી એમની સેવાના સંસ્મરણોની યાદ તાજી થાય છે. વડોદરા લૉજના ફેડરેશન સમયે વર્ષો પહેલાં ગુજરાતના વિચાર અને પરિપક્વ અભ્યાસુ મુ. હરજીવનદાદાની ૬૦ વર્ષ પુરા થયાની સેવાની ઉજવણી હતી. લગભગ ૭૦૦થી વધારે સભ્યો ફેડરેશનમાં હતાં. વ્યવસ્થાનો કાર્યભાર ભાઈ બચુભાઈ સુતરીઆ અને અરવિંદભાઈ દેસાઈના શીરે હતો. કેટરીંગ મારે સાંભળવાનું હતું. આવું ઐતિહાસીક સંમેલન કાર્ય ખૂબ મહેનત કરી આ યુગલબંધુઓએ કરી બતાવ્યું હતું. મુ. હરજીવનદાદાજી તે સમયે એમની દરેક લૉજની મુલાકાત અને અભ્યાસ વર્ગ ચલાવવાની કાર્યવાહી આ બંને ભાઈઓએ ખૂબ સેવાઓ આપી હતી. અરવિંદભાઈ થિયોસૉફીના કાર્યમાં રંગાયેલા હતાં. તેમને જે ભૂમિકા ઉપર હોય ત્યાં પરમાત્મા શાંતિ આપે એ જ પ્રાર્થના !




સનાતન લોજ, સુરતના કારોબારી સભ્ય ડૉ. લક્ષ્મણભાઈ મેવાડાનું તા. ૧૮ એપ્રિલના રોજ માંદગીને લીધે સુરત ખાતે દુઃખદ અવસાન થયું. સદ્‌ગતના કુટુંબીજનોને દુઃખની ઘડીમાં સાંત્વના પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના સૌ સભ્યો કરે છે. તેમનો ડિપ્લોમા નં. ૮૯૫૩૯ છે. પરમ કૃપાળુ પરમાત્મા દિવંગતના આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના ! લોજ તેમજ ગુજ. ફેડ.ના સભ્યો આદરપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.



તા. ૨૧ એપ્રિલના રોજ શ્રી પૂર્ણાનંદ લોજ, પેટલાદના સભ્ય ડૉ. શ્રી સુનીલભાઈ ઠાકરનું દુઃખદ અવસાન થયું. તેમનો ડિપ્લોમા નં. ૧૦૨૦૦૭ છે. પેટલાદમાં ૨૭ વર્ષથી ડૉક્ટર તરીકેની સેવાભાવી કારકિર્દી બજાવીને ફક્ત ૬૩ વર્ષની ઉંમરે વસમી વિદાય લીધી. શ્રી પૂર્ણાનંદ લોજના સૌ સભ્યો સ્વ. સુનિલભાઈના ઉત્કૃષ્ટ સ્વભાવ તથા સેવા પ્રવૃત્તિની સુવાસથી અભિભૂત થયેલાં. સદ્‌ગતના કુટુંબીજનો પર આવી પડેલી આ દુઃખની ઘડીમાં પરમકૃપાળુ પરમાત્મા સાંત્વના અર્પે તથા સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના લોજ તથા ફેડ.ના સૌ સભ્યો કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પે છે.

**સ્વ. ચંદ્રિકાબેન વિજયકુમાર ભટ્ટના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી વિજયકુમાર જગદીશચંદ્ર ભટ્ટ, ગાંધીનગર લોજ**



સાદર પ્રણામ,
ભાવનગર લૉજ સદસ્ય કેશવદાસ દૂધરેજીયા તથા તેમના ધર્મપત્ની કોવિદ-૧૯ મહામારીને કારણે ૧૨મી એપ્રિલે સ્વર્ગવાસ પામ્યા છે. તેમણે તેઓ ખૂબ શાંત હતાં. સનાતન સ્કૂલમાં પ્રિન્સિપાલની ફરજ બજાવેલી હતી. સનાતન સ્કૂલ સાથે થિયૉસૉફિનો ખૂબ ઊંડો નાતો છે તેથી તેમને થિયૉસૉફિકલ સોસાયટીનો રંગ લાગ્યો હતો જાગ્રત સભ્ય હતાં. ૧૭મી ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ ભાવનગર લૉજમાં અડ્યાર દિવસની ઉજવણી વખતે ખૂબ ટુંકા સમયમાં વિષયને ન્યાય આપી વક્તવ્ય આપ્યું. તે જ તેમની થિયોસૉફિ પ્રત્યેની ભાવના બતાવે છે. તેમનો ડિપ્લોમા નં. ૮૦૮૬૫ છે.
કુટુંબમાંથી એક સાથે બે વ્યક્તિ વિદાય લે અને બીજા સભ્યો પણ કોરોનાને લીધે હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં હતાં. તેમને પણ જાણ ન હોય કે તેમના માતા-પિતા હયાત નથી તો તેવો આ ખાલીપો કેવી રીતે સહન કરશે તેની તો આપણે કલ્પના કરી શકીએ તેમ નથી.

કુદરત આગળ આપણે સૌ લાચાર છીએ. આપણે સૌ પ્રભુને એ જ પ્રાર્થના કરીએ કે પરમાત્મા સદ્‌ગતના આત્મા જ્યાં હોય ત્યાં શાંતિ પામે અને તેમની સદ્‌ગતી થાય, તેમની હવે પછીની યાત્રા મંગળમય પ્રગતિમય નીવડે, તેવી પ્રભુને પ્રાર્થના.

---



શબરી લોજ કાંટીદારના માનવંતા સભ્ય અને વરિષ્ઠ થિયોસોફિસ્ટ શ્રી ગણપતભાઈ વસાવાનું ૨૬મી એપ્રિલના રોજ નિધન થયું છે. તેમનો ડિપ્લોમા નં. ૯૯૦૭૭ છે. ૮૩ વર્ષનું આયુષ્ય ભોગવીને શ્રી ગણપતભાઈએ વસમી વિદાય લીધી. ટી. એસ.ના સભ્ય તા. ૧૭.૧૦.૨૦૧૨ ના રોજ બનેલાં. પોતાનું જીવન થિયોસોફિક રીતે જીવી ગયાં. સભ્ય બન્યા પછી તમામ અધિવેશનો અને શિબિરોમાં રસપૂર્વક હાજરી આપતાં. ફક્ત છેલ્લે જૂનાગઢના અભ્યાસવર્ગમાં હાજર ન રહી શક્યાં તેનો અફસોસ કરતા હતાં. કારણ કે તેમની માંદગીને લીધે તે શક્ય બન્યું ન હતું. દિવંગતના કુટુંબ પર આવી પડેલ આ દુઃખને સહન કરવાની પ્રભુ શક્તિ આપે તેવી કાંટીદરા લોજના તથા ફેડ.ના સૌ સભ્યો પ્રાર્થના કરીને શ્રદ્ધાંજલિ અર્પે છે.

---



શ્રી વિશ્વબંધુ (વાસુદેવ) કેશવલાલ જાની તા. ૨૬.૪.૨૦૨૧ ને સોમવારના રોજ પરમધામ પામ્યા છે. પિતાશ્રી કેશવલાલ જાની દ્વારા મળેલ 'થિયોસોફિ'ના વારસાને જાળવીને તેમના ચીંધેલા માર્ગે પોતાની સુઝબુઝથી આગળ વધ્યા. સવિતા સોસાયટી, નારણપુરા ખાતે આવેલ તેમનું રહેઠાણ રોહિત લોજનું કેન્દ્ર બન્યું. સ્વ. કેશવલાલ જાનીએ સ્વ. વીરાબેન દસ્તુર સાથે મળીને થિ.સો.ની ગુ.થિ.ફે.ની અનોખી સેવા કરેલી. રોહિત લોજની પ્રવૃત્તિઓ માટે પોતાના બંગલાના પ્રથમ માળને આરક્ષિત કરી દીધેલો. ક્યારેય પણ કોઈને ભાડે આપવાની વાત આવે તો કેશવલાલ જાની કદીયે આર્થિક ફાયદાની ઈચ્છા ધરાવતા નહિ. તે પ્રમાણે વિશ્વબંધુ તથા તેમના પત્ની અને સંતાનોએ પણ રોહિત લોજને પોતાના રહેઠાણમાં પ્રવૃત્તિશીલ રાખી. વિશ્વબંધુ રોહિત લોજની પ્રવૃત્તિઓમાં ઊંડો રસ લઈને લોજના જવાબદારીભર્યા કાર્યો જેવા કે લાઈબ્રેરીયન, સહમંત્રી તથા ઉપપ્રમુખ તરીકેની કામગીરી અદા કરી. અમદાવાદ વિભાગની ઈસોટરીક શાળાના સભ્ય બનીને પોતાની આજીવન નિયમિતતાનાં દર્શન કરાવ્યા. મેસોનીક અમદાવાદની શાળામાં પણ જોડાયા. અંગ્રેજી ભાષાની સમજને કારણે મેસોનીક કાર્યમાં પણ ઉચ્ચ શ્રેણીઓ સુધી પહોંચી શક્યા. વિશ્વબંધુની બધી જ પ્રવૃત્તિઓમાં તેમની પત્ની સ્વ. હીરાબેનનો પ્રત્યક્ષ અને પરોક્ષ સાથ રહેતો. ઉંમર વધતાં માનસિક તથા શારીરિક સ્વાસ્થ્ય ખોટકાવા લાગ્યું. બંને પુત્રો જીગ્નેશ અને અર્પિત ઓસ્ટ્રેલિયામાં સ્થાયી થયાં. તેથી થોડાંક વર્ષો ઓસ્ટ્રેલિયા પણ જઈને રહ્યાં. ત્યારબાદ છેલ્લાં ચાર વર્ષથી અમદાવાદ સ્વગૃહે પાછા ફર્યા. દિકરીઓ પ્રેરણા, હર્ષા, કૃપલ (મુન્ની) અને જાગૃતિ (યુ.એસ.એ.) તથા બહેન પ્રજ્ઞાએ તેમની સંભાળ રાખી. રોહિત લોજનાં બેન્ક ખાતામાં તેમનું નામ હોવાથી તે બદલવા અંગેની કાર્યવાહી સંદર્ભે તથા ઈ.એસ. અને મેસોનીક પ્રવૃત્તિના સંદર્ભે તેમનો અવારનવાર સંપર્ક કરવામાં આવતો. શારીરિક અસ્વસ્થતા હોવાને લીધે સમજણ કેળવાતાં વાર લાગતી પરંતુ મહાત્માઓને યાદ કરીને બધી જ શક્તિઓ જાણે એકઠી કરીને પોતાનાથી બનતો બધો જ સહયોગ આપતાં, જરૂરી સહીઓ કરી આપતાં, ફી બાકી હોય તો પણ પોતાની દીકરીઓને તે અંગે જણાવીને ભરપાઈ કરી દેતાં. આમ 'થિયોસોફિક' સંસ્કારો લઈને ધીમી પણ મક્કમ ગતિએ, મૂઢતા નહિં પણ વિનમ્રતા તથા વિવેકથી જીવન લીલા સંકેલીને અલૌકિક જગતમાં પ્રયાણ કર્યું.
રોહિત લોજ તથા ગુ.થિ.ફે.ના સૌ સભ્યો સદ્‌ગતને શ્રદ્ધાસુમન અર્પે છે અને કુટુંબીજનોને તેમની વસમી વિદાયથી આવી પડેલાં દુઃખમાં સહભાગી થઈને સહનશીલતા અને ધૈર્ય કેળવવા માટે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે.

# શાખા સમાચાર

## ઈ–મીટીંગ્સ

- **રોહિત લોજ, અમદાવાદ :- દર શનિવારે સાંજે ૬ થી ૭ દરમિયાન આયોજીત ઈ–મીટીંગ્સ :** ૨૭મી માર્ચે "લક્ષ સિદ્ધિ માટેનો ઉત્તમ પથ થિયોસોફી" વિષે શ્રી નરસિંહભાઈ ઠાકરીયાએ (સનાતન લોજ, સુરત) પ્રવચન કર્યું. એપ્રિલ દરમિયાન ૩જીએ "જે. કૃષ્ણમૂર્તિની રોજનીશી–૧૯૭૩" વિષે શ્રી હર્ષવદન શેઠે તેનું ભાષાંતર કરીને ભાવવાહી સ્વરૂપે વાંચ્યું. ૧૦મીએ "સત્યમ્, શિવમ્, સુંદરમ્" વિષે રેવા લોજ વડોદરાના સંનિષ્ઠ સભ્ય શ્રી હર્ષદભાઈ દવેએ પ્રવચન કર્યું. ૧૭મીએ 'મન સાથે મૈત્રી' વિષે શ્રી રમેશભાઈ ડોલીઆએ પોતાની રજૂઆત કરી.
- **રેવા લોજ, વડોદરા : દર રવિવારે સવારે ૯.૩૦ થી ૧૦.૧૫ દરમિયાન આયોજીત ઈ-મીટીંગ્સ :** ૨૮મી માર્ચે 'પ્રણવોપનિષદ' વિષે શ્રી નિખિલભાઈ દેસાઈ, ૪થી એપ્રિલે 'પથ પર પ્રકાશ' વિષે શ્રી હર્ષદભાઈ દવે, ૧૧મીએ 'અસ્તીત્વવાદ' વિષે ડૉ. કીરણ શીંગ્લોત, ૧૮મીએ 'મોક્ષ સન્યાસ યોગ' (ભગવદ્ ગીતા – અધ્યાય ૧૮) વિષે શ્રી નરસિંહભાઈ ઠાકરીઆએ પોતપોતાની આગવી શૈલીમાં પ્રવચનો કર્યા.

**મુંબઈ ફેડરેશનના** પ્રમુખશ્રી વિનાયકભાઈ પંડ્યા દ્વારા દર ગુરૂવારે ઝુમ મીટીંગનું આયોજન સાંજે ૬ થી ૭ દરમિયાન કરવામાં આવે છે. એપ્રિલ દરમિયાન 'મૃત્યુની પાનખરમાં વસંત' પુસ્તકનું વાંચન ચાલી રહ્યું છે. ડૉ. અજયભાઈ હોરાના પ્રમુખસ્થાનેથી મીટીંગ દરમિયાન વિશેષ ચર્ચા પણ યોજાઈ છે. સદર પુસ્તકના પ્રણેતા ડૉ. ઉષાબેન ચતુર્વેદી તથા શ્રી અરુણભાઈ ચતુર્વેદી વિશેષ રીતે હાજર રહીને પુસ્તક સંદર્ભે રજૂઆત કરતાં હોય છે. આ ઝુમ મીટીંગમાં મુંબઈ અને ગુજરાતના ૨૫ જેટલા સભ્યો ભાગ લે છે. આ મીટીંગમાં વધુને વધુ સભ્યો જોડાશે તેવી અભ્યર્થના.

**-: વિશેષ સૌજન્ય સમાચાર :-**

**શ્રી નરસિંહભાઈ ઠાકરીયાએ રૂા. ૯૦૦/- થિયોસોફિક જ્યોતિ મેગેઝનના એપ્રિલ ૨૦૨૧ ના અંકને નિર્ધારીત ૧૨મી તારીખે રવાના નહીં કરી શકવાથી ઊભી થયેલી કન્સેસન દરની મુશ્કેલીના નિવારણ માટે પહેલ કરીને પિરીયોડીકલ ચાર્જીસ માટે જે અનુદાન આપ્યું છે તે માટે તેમનો વિશેષ આભાર 'થિયોસોફિક જ્યોતિ' દ્વારા વ્યક્ત કરવામાં આવે છે.**

**'થિયોસોફિક જ્યોતિ'** દ્વારા આપણા સભ્યોની, તેમના કુટુંબીજનો તથા સહૃદયી સંબંધીઓ તથા મિત્રોની **"જન્મદિનની શુભેચ્છા" 'સૌજન્ય'** દ્વારા જે-તે મહિનામાં પ્રકાશિત કરીને શુભેચ્છા પાઠવીએ છીએ.

**રૂા. ૫૧/-** (ઓછામાં ઓછા... વધુ રકમ સ્વેચ્છાએ...) **'GTF Jyoti Prakashan Fund' Central Bank of India (Sardarnagar Area Branch, Bhavnagar, 01360) A/c. No. 1871957084 IFSC : CBIN0281360**માં જમા કરાવ્યાથી આ પ્રકારની **'શુભેચ્છા'** વ્યક્ત કરતાં રહીશું.

***ખાસ નોંધ : આગામી મહિનાઓમાં જે કોઈ સભ્ય પોતાના "જન્મદિનની શુભેચ્છા-સૌજન્ય" પ્રકાશિત કરવા ઈચ્છતાં હોય તેઓએ તંત્રીશ્રીનો સંપર્ક કરવો.***

RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Registered under Postal Registration No. AHD-C/80/2021/2023 valid upto 31st December-2023 issued by the SSPO'S Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 12th of every month.


Printed Matter Periodicals THEOSOPHIC JYOTI May–2021

To :

If Undelivered Return to : HARSHAVADAN MOHANLAL SHETH
9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.

## આપણો પુસ્તક પ્રેમ...

## જે. કૃષ્ણમૂર્તિ અને કબીર




'જે. કૃષ્ણમૂર્તિ અને કબીર' એક વિશેષ પુસ્તક છે, જેનો અનુવાદ શ્રી યોગેશ દેસાઈએ કરેલો છે. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા તેનું પ્રકાશન કરવામાં આવેલું. પ્રથમ આવૃત્તિ ઓગષ્ટ ૧૯૯૦ માં બહાર પડેલી.

**J. Krishnamurti and Saint Kabir – A Study in Depth** નામક અંગ્રેજી પુસ્તકનો સુંદર અનુવાદ અત્યંત જીવન ઉપયોગી સાબીત થયેલો છે. વિશાળ વાચક વર્ગને આ પુસ્તકનું ખૂબ જ આકર્ષણ રહેલું.

*પ્રકાશક : શ્રી હર્ષવદન એમ. શેઠ*
*માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧*
*મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ-વિક્રમભાઈ પટેલ નારણપુરા ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૨૭૪૯૧૬૨૭, ૯૮૯૮૫૨૨૦૧૦*

Printed and Published by HARSHAVADAN MOHANLAL SHETH on behalf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Naishadh Printers, Nr. Municipal School, Naranpura Gam, Ahmedabad-380013 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, 9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.
Editor - HARSHAVADAN MOHANLAL SHETH